અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ ડિસેમ્બર ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર સુદ ૧૩ | અંક : ૧૬૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### શિંદેને મનાવવા ભાજપના પ્રયાસ

## મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસે અમિત શાહ સાથે લાંબી મુલાકાત કરી

### દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર જ દિલ્હી આવ્યા અમિત શાહ અને જેપી નડ્ડા સાથે આ મુદ્દે બેઠક પર કરી દીધી



। (એજન્સી) મુંબઇ, તા.૧૨ ।

મહારાષ્ટ્રમાં કેબિનેટ વિસ્તરણ અંગે ચર્ચા કરવા દેવેન્દ્ર ફડણવીસ, એકનાથ શિંદે અને અજિત પવાર સાથે દિલ્હી આવવાના હતા. પરંતુ બુધવારે બપોરે દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર જ દિલ્હી આવ્યા. અમિત શાહ અને જેપી નડ્ડા સાથે આ મુદ્દે બેઠક પર કરી દીધી. જો કે, અજિત પવાર સાથે અમિત શાહે અલગથી બેઠક કરી હતી. જ્યારે ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે આ બેઠક અને ચર્ચાનો ભાગ બન્યા નથી. જેના લીધે અટકળો ચાલી રહી છે કે, શું એકનાથ શિંદે ફરીથી ગુસ્સે થયા છે અને તેઓ માત્ર પોતાનો વિરોધ નોંધાવવા દિલ્હી ગયા નથી.

મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસે અમિત શાહ સાથે લાંબી મુલાકાત કરી હતી. સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે,ચાલુ બેઠકમાં જ દેવેન્દ્ર ફડણવીસે એકનાથ શિંદેને ફોન કર્યો હતો. બાદમાં, બંને નેતાઓ વચ્ચે કેબિનેટ વિસ્તરણ અને વિભાગોના વિભાજન મુદ્દે વાતચીત થઈ હતી. પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલેને એકનાથ શિંદેના ઘરે મોકલવામાં આવ્યા હતા. તેમણે જ એકનાથ શિંદે સાથે વાત કરાવી હતી. તો શું શિંદેને મનપસંદ મંત્રાલય ન ફાળવવામાં આવતા તેઓ ફોન પણ ઉપાડી રહ્યા નથી? એવી અટકળો પણ વહેતી થઈ છે. સૂત્રોનું કહેવું છે કે એકનાથ શિંદેને ગૃહ મંત્રાલય ન અપાયું હોવા છતાં તેમને PWD અને મહેસૂલ મંત્રાલય આપીને ખુશ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. અમિત શાહ પાસે બેઠેલા દેવેન્દ્ર ફડણવીસે ફોન પર આ જ ઓફર આપી હતી. હાલમાં એ જાણી શકાયું નથી કે એકનાથ શિંદેનું સ્ટેન્ડ શું છે. પરંતુ તેના વલણ પરથી સ્પષ્ટ છે કે તે કમ્ફર્ટેબલ નથી. બુધવારે અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસ સાથે ગયા હતા અને બંને વચ્ચે સારો તાલમેલ જોવા મળી રહ્યો છે. એવું માનવામાં આવે છે કે એકનાથ શિંદેની નારાજગીનો લાભ અજિત પવારને થઈ રહ્યો છે. તેમને લાગે છે કે શિવસેનાને અજિત પવાર કરતા વધારે મંત્રીઓ મળવા જોઈએ. અત્યાર સુધીની માહિતી મુજબ ભાજપ ૨૦ થી ૨૨ વિભાગ પોતાની પાસે રાખવા માંગે છે. આ સિવાય શિવસેના અને એનસીપીને ૧૦-૧૦ મંત્રાલયો આપવા તૈયાર છે.

### દિલ્હીમાં બેઠકોનો રાઉન્ડપ અજિત પવાર સંસદ ભવનમાં અમિત શાહને મળ્યા



**મહારાષ્ટ્રમાં મહાયુતિની સરકાર બની ગઈ છે અને સત્તાની વહેંચણીની ફોર્મ્યુલા પર સર્વસંમતિને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પછી, NCP વડા અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પણ ગુરુવારે સવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા હતા. આ બેઠક સંસદ ભવનમાં અમિત શાહની ઓફિસમાં થઈ હતી. NCP સાંસદ પ્રફુલ પટેલ પણ અજિત પવાર સાથે હતા. ત્રણેય નેતાઓ વચ્ચે લાંબા સમય સુધી વાતચીત ચાલી. એવું માનવામાં આવે છે કે એનસીપી ફરી એકવાર મહાગઠબંધન સરકારમાં નાણાં સહિત તેના જૂના વિભાગો લેવા માંગે છે. અજિત પવારે કહ્યું કે કેબિનેટનું વિસ્તરણ ૧૪ ડિસેમ્બરે થવાનું છે. અગાઉ અજિત પવાર, તેમની પત્ની સુનેત્રા પવાર અને પ્રફુલ પટેલ, છગન ભુજબળ સહિતના પક્ષના નેતાઓ એનસીપી (એસપી)ના વડા શરદ પવારને દિલ્હીમાં તેમના નિવાસસ્થાને મળ્યા હતા.**



### સંસદમાંથી સંયુક્ત સંસદીય સમિતિ ને ચર્ચા માટે મોકલવામાં આવશે

## વન નેશન – વન ઈલેક્શન' બિલને મોદી કેબિનેટની મંજૂરી, ગુજરાતમાં ચૂંટણી વહેલી થવાની શક્યતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

કેન્દ્રીય કેબિનેટે 'વન નેશન-વન ઈલેક્શન'ના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. સૂત્રો મૂજબ આ બિલ આવતા સપ્તાહે સંસદમાં રજૂ કરવામાં આવી શકે છે. સરકાર આ બિલ પર સર્વસંમતિ બનાવવા માગે છે, તેથી આ બિલને સંસદમાંથી સંયુક્ત સંસદીય સમિતિ ને ચર્ચા માટે મોકલવામાં આવશે. જેપીસી 'વન નેશન-વન ઈલેક્શન'ના બિલ પર તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરશે. જો આવું થયું તો ગુજરાતમાં ચૂંટણી વહેલી થવાના શક્યતા છે. કેન્દ્રીય કેબિનેટે અગાઉ સપ્ટેમ્બરમાં 'વન નેશન-વન ઈલેક્શન'ના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. કેબિનેટની બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે, 'પ્રથમ તબક્કામાં વિધાનસભા અને લોકસભા ચૂંટણી એકસાથે યોજાશે. આ પછી ૧૦૦ દિવસમાં બીજા તબક્કામાં નાગરિક ચૂંટણીઓ યોજાશે.'

પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં 'વન નેશન-વન ઈલેક્શન' પર વિચાર કરવા માટે ૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ એક પેનલની રચના કરવામાં આવી હતી. આ પેનલે હિતધારકો-નિષ્ણાતો સાથે ચર્ચા કર્યા બાદ અને ૧૯૧ દિવસના સંશોધન બાદ ૧૪ માર્ચે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને 'વન નેશન-વન ઈલેક્શન' નો રિપોર્ટ સોંપ્યો હતો.'વન નેશન-વન ઈલેક્શન' કમિટીના રિપોર્ટ અનુસાર, 'વન નેશન-વન ઈલેક્શન' લાગુ કરવા માટે અનેક રાજ્યોની વિધાનસભાઓનો કાર્યકાળ ઘટાડવામાં આવશે. જે રાજ્યોમાં ૨૦૨૩ના અંત સુધીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે, ત્યાં તેમનો કાર્યકાળ લંબાવી શકાય છે. જો તમામ પક્ષો લો કમિશનની દરખાસ્ત સાથે સહમત થશે તો તેને ૨૦૨૯ થી જ લાગુ કરવામાં આવશે. આ માટે ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં ૨૫ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજવી જોઈશે. વન નેશન-વન ઈલેક્શન' કમિટિના ૫ મુખ્ય સૂચનો

૧. ભારતની આગામી લોકસભા ચૂંટણી એટલે કે ૨૦૨૯ સુધી તમામ રાજ્યોની વિધાનસભાઓનો કાર્યકાળ લંબાવવો જોઈશે.

૨. દેશની ત્રિશંકુ વિધાનસભા (કોઈની પાસે બહુમતી નથી તેવી) અને અવિશ્વાસની દરખાસ્તના કિસ્સામાં બાકીની ૫-વર્ષની મુદત માટે નવી ચૂંટણીઓ યોજવામાં આવી શકાય છે.

૩. દેશમાં પહેલા તબક્કામાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે થઈ શકે છે, ત્યારબાદ બીજા તબક્કામાં ૧૦૦ દિવસની અંદર સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી થઈ શકે છે.

૪. ચૂંટણી પંચ લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે રાજ્ય ચૂંટણી સત્તાવાળાઓ સાથે પરામર્શ કરીને એક જ મતદાર યાદી અને મતદાર ઓળખ કાર્ડ તૈયાર કરાવે તો.

૫. કોવિંદ પેનલે એકસાથે ચૂંટણી યોજવા માટે સાધનો, માનવબળ અને સુરક્ષા દળોના આગોતરા આયોજનની ભલામણ કરી છે.મતદાન નવેમ્બર ૨૦૨૫માં પ્રથમ તબક્કોઃ ૬ રાજ્ય,બિહાર વર્તમાન કાર્યકાળ પૂર્ણ થશે. બાદમાં માત્ર સાડાત્રણ વર્ષ ચાલશે.

આસામ, કેરળ, તામિલનાડ, પ. બંગાળ અને પુડુચેરીના વર્તમાન કાર્યકાળમાં ૩ વર્ષ અને ૭ મહિનાનો ઘટાડો થશે. એ પછીનો કાર્યકાળ પણ સાડાત્રણ વર્ષનો રહેશે.મતદાન ડિસેમ્બર ૨૦૨૬માં બીજો તબક્કોઃ ૧૧ રાજ્ય,ઉત્તરપ્રદેશ, ગોવા, મણિપુર, પંજાબ અને ઉત્તરાખંડ વર્તમાન કાર્યકાળમાં ૩થી ૫ મહિનાનો ઘટાડો થશે. એ પછી એ અઢી વર્ષ થશે.ગુજરાત, કર્ણાટક, હિમાચલ, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરામાં હાલ કાર્યકાળ ૧૩થી ૧૭ મહિના ઘટશે. પછી સવા બે વર્ષનો રહેશે.''વન નેશન-વન ઈલેક્શન'' એટલે શું?

વર્તમાંનમાં ભારતમાં રાજ્યની વિધાનસભા અને દેશની લોકસભાની ચૂંટણીઓ અલગ-અલગ સમયે યોજાય છે. જેમ કે 'વન નેશન-વન ઈલેક્શન'નો મતલબ એ છે કે સમગ્ર દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે થાય. 'વન નેશન-વન ઈલેક્શન' એટલે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓના સભ્યોને ચૂંટવા માટે મતદારો એક જ દિવસે, એક જ સમયે અથવા તબક્કાવાર મતદાન કરે તે.

ભારતમાં આઝાદી પછી, ઈ.સ. ૧૯૫૨, ૧૯૫૭, ૧૯૬૨ અને ૧૯૬૭ માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે યોજાઈ હતી, પરંતુ ૧૯૬૮ અને ૧૯૬૯ માંઘણી વિધાનસભાઓ સમય પહેલા વિસર્જન કરવામાં આવી હતી.

ત્યારબાદ ૧૯૭૦માં લોકસભા પણ ભંગ કરવામાં આવી હતી. જેના કારણે 'વન નેશન-વન ઈલેક્શન'ની પરંપરા તૂટી ગઈ હતી.

### ન્યૂઝ બ્રિફ

#### દિલ્હીની મહિલાઓને ચૂંટણી પછી દર મહિને ૨૧૦૦ રૂપિયા આપવામાં આવશે

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨।

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલે મહિલાઓ માટે મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે હું દિલ્હીના લોકો માટે બે મોટી જાહેરાત કરવા આવ્યો છું. બંને દિલ્હીની મહિલાઓ માટે છે. મેં દરેક મહિલાના ખાતામાં ૧૦૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું. દિલ્હી કેબિનેટે તેને પાસ કરી દીધો છે. આ યોજના દિલ્હીમાં લાગુ કરવામાં આવી છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે આ યોજનાનો લાભ લેવા માટે હવે મહિલાઓએ રજીસ્ટ્રેશન કરાવવું પડશે. રજીસ્ટ્રેશન બાદ મહિલાઓના ખાતામાં પૈસા આવવા લાગશે. તેમણે કહ્યું કે દિલ્હીની મહિલાઓને ચૂંટણી પછી દર મહિને ૨૧૦૦ રૂપિયા આપવામાં આવશે.

#### લેસ્ટરશાયરમાં ભારતીય વિદ્યાર્થીનું માર્ગ અકસ્માતમાં મોત, ૪ સારવાર હેઠળ

। (એજન્સી) ઈંગ્લેન્ડ, તા.૧૨ ।

પૂર્વી ઈંગ્લેન્ડના લેસ્ટરશાયરમાં એક દુઃખદ માર્ગ અકસ્માતમાં ૩૨ વર્ષીય ભારતીય વિદ્યાર્થી ચિરંજીવી પંગુલુરીનું મૃત્યુ થયું હતું. આ ઘટના મંગળવારે સવારે બની હતી જ્યારે તે જે કારમાં મુસાફરી કરી રહ્યો હતો તે રોડ પરથી પલટી ખાઈને ખાડામાં પડી હતી. કારમાં મુસાફરી કરી રહેલા અન્ય ચાર લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સૂત્રો મુજબ આ દુર્ઘટનામાં મૃતક આંધ્રપ્રદેશનો છે. કારમાં સવાર અન્ય ૪ લોકોને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.લેસ્ટરશાયર પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "ચિરંજીવી પંગુલુરી, ૩૨, ગ્રે મઝદા ૩ તમુરામાં રહેતો હતો, જે લેસ્ટરથી માર્કેટ હાર્બરો તરફ કાઉન્ટી તરફ જઈ રહ્યો હતો.

### ભારતીય સંસદમાં વિક્ષેપ જોવું ખૂબ જ દુઃખદ છે

## સંસદમાં નેતાઓને બખેડા મુદ્દે સદગુરૂ જગ્ગી વાસુદેવે નારાજગી વ્યક્ત કરી

### સદગુરુના આ નિવેદને દેશમાં રાજનીતિ અને લોકશાહીની સ્થિતિ પર એક નવી ચર્ચાને જન્મ આપ્યો છે

। (એજન્સી) મુંબઇ, તા.૧૨ ।

સદગુરુ જગ્ગી વાસુદેવે સતત સંસદની કાર્યવાહી સ્થગિત થવા પર ભારે નારાજગી વ્યક્ત કરી છે. ગુરુવારે તેમણે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરતા કહ્યું કે, 'ભારતીય સંસદમાં વિક્ષેપ જોવું ખૂબ જ દુઃખદ છે, ખાસ કરીને ત્યારે જ્યારે ભારત વિશ્વમાં લોકશાહીનું પ્રતીક બનવાનું સ્વપ્ન જોઈ રહ્યું છે. ભારતના સંપત્તિ સર્જકો અને નોકરી આપનારાઓને રાજનીતિક નિવેદનોનો હિસ્સો ન બનાવવો જોઈએ. જો કોઈ વિસંગતતા હોય તો તેને કાયદા હેઠળ ઉકેલવી જોઈએ, પરંતુ તેને રાજકીય



ફૂટબોલ ન બનાવવો જોઈએ.'સદગુરુએ ભારતીય વ્યવસાયોને આગળ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે, વ્યવસાયના વિકાસથી જ ભારત પોતાના ગૌરવશાળી ભવિષ્ય તરફ આગળ વધી શકે છે. સંસદમાં થઈ રહેલા સતત હોબાળાના કારણે મહત્વ પૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા નથી થઈ રહી. સદગુરુના આ નિવેદને દેશમાં રાજનીતિ અને લોકશાહીની સ્થિતિ પર એક નવી ચર્ચાને જન્મ આપ્યો છે. શિયાળુ સત્ર દરમિયાન સંસદમાં ચાલી રહેલા હોબાળાને કારણે અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા નથી રહી. સત્તારુઢ પક્ષ અને વિપક્ષ બંને એકબીજા પર સંસદને સ્થગિત કરવાનો આરોપ લગાવી રહ્યા છે. જ્યાં સત્તારુઢ પક્ષનું કહેવું છે કે વિપક્ષ ગૃહને ચાલવા નથી દઈ રહ્યું તો બીજી તરફ વિપક્ષનો આરોપ છે કે, સત્તારુઢ પક્ષ પોતે જ હોબાળો કરીને કાર્યવાહીને સ્થગિત કરી રહ્યો છે.

### આગચંપીની ઘટનાઓ કાબૂમાં લેવા વધારાની ફોર્સ તહેનાત કરાઈ

## મહારાષ્ટ્રના પરભણીમાં બંધારણનું અપમાન થતાં હિંસા ફેલાવામાં આવી

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

મહારાષ્ટ્રના પરભણીમાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે ઉપદ્રવીઓ દ્વારા બંધારણનું અપમાન કરવાની ઘટનાથી મોટાપાયે હિંસા ફાટી નીકળી હતી. પ્રદર્શનકારીઓએ સંખ્યાબંધ વાહનોને આગ ચાંપી દીધી હતી અને કહ્યું હતું કે તેઓ બાબા સાહેબ અને બંધારણનું અપમાન સહન નહીં કરે. પ્રદર્શનકારીઓએ બાબા સાહેબ આંબેડકર તથા બંધારણનું અપમાન કરનારાઓને કડક સજાની માંગ કરી હતી. હિંસક દેખાવો વચ્ચે પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. ભીડને કાબૂમાં લેવા માટે ટીયર ગેસના શેલ છોડવામાં આવ્યા હતા. બેકાબૂ લોકોને કાબૂમાં લેવા માટે મોટી સંખ્યામાં પોલીસ દળોને ખડકી દેવા પડ્યા હતા. પરભણી રેલ્વે સ્ટેશનની બહાર બીઆર આંબેડકરની પ્રતિમા પાસે એક અજાણી વ્યક્તિએ બંધારણની પ્રતિકૃતિને નુકસાન પહોંચાડ્યું હતું, જેના પગલે આગચંપી અને પથ્થરમારો થયો હતો. દરમિયાનમાં, વંચિત બહુજન અઘાડીના પ્રમુખ પ્રકાશ આંબેડકરે વિરોધ કરનારાઓને સમર્થન આપ્યું હતું. તેમણે ટ્વિટર પર લખ્યું હતું કે પરભણીમાં જાતિવાદી મરાઠા ઉપદ્રવીઓ દ્વારા બાબાસાહેબની પ્રતિમા પાસે ભારતના બંધારણનું અપમાન કરવાની ઘટના ખૂબ જ શરમજનક છે.

### ઇઝરાયેલે સીરિયા પરના હુમલા છતાં પણ ગાઝામાં હમાસ પર ત્રાટકવાનું બંધ કર્યુ નથી

## ગોલન હાઈટ્સ પર ઈઝરાયલના કબજા સામે યુરોપ અને એશિયાના દેશોનો ઉગ્ર વિરોધ

। (એજન્સી) સીરિયા, તા.૧૨ ।

સીરિયામાં બશર અલ અસદની સત્તા ઉખડી જવાની સાથે જ હમાસ હિઝબુલ્લાહ સાથે લડવામાં રોકાયેલા ઈઝરાયેલે આશ્ચર્યજનક રીતે સીરિયા તરફ દોટ લગાવી છે અને ઈઝરાયેલ-સીરિયા વચ્ચેના બફર ઝોનમાં ઘૂસીને ગોલન હાઈટ્સ પરનો કબ્જો મેળવી લેતા આંતરરાષ્ટ્રીય વિવાદ થયો છે. તેમાં પણ ઈઝરાયેલી પીએમ બેન્જામીન નેતન્યાહુએ તેને હવે ઈઝરાયેલનો ભાગ ગણાવતા ઘેરા આંતરરાષ્ટ્રીય પ્રત્યાઘાત પડયા છે. તેની સાથે ઈઝરાયેલ હવે ગોલન હાઈટ્સ પરનો કબ્જો કાયમ રાખે તેવી



સંભાવના વધી છે.ઈઝરાયેલના આ કબ્જાનો ફ્રાન્સ સહિતના યુરોપીયન દેશો અને સાઉદી અરેબિયા, કતાર, જોર્ડન, ઈરાન, ઈરાક સહિતના એશિયન દેશોએ ભારે વિરોધ કર્યો છે. જ્યારે અમેરિકાએ ઈઝરાયેલનો આ કબ્જો કામચલાઉ હોવાનો ગણાવ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો તેણે ઈઝરાયેલને પરોક્ષ રીતે સમર્થન આપ્યું છે. આ જોતાં આગામી સમયમાં ટ્રમ્પ વહીવટીતંત્ર સત્તા પર આવવાનું છે ત્યારે ઈઝરાયેલનો પગપેસારો મધ્યપૂર્વમાં વધુ ફેલાય તેવી પ્રબળ સંભાવના છે. ઈઝરાયેલે સીરિયા પરના હુમલા છતાં પણ ગાઝામાં હમાસ પર ત્રાટકવાનું બંધ કર્યુ નથી. ગાઝામાં કરેલી એર સ્ટ્રાઈકમાં કુલ ૩૦ના મોત થયા હતા અને અનેક ઈજા પામ્યા છે. હવે ફક્ત અહીં સવાલ એટલો છે કે ઈઝરાયેલ હવે ગાઝાને કેટલું ખેદાનમેદાન કરશે. તે માનવતાવાદી સહાયને પણ અટકાવી રહ્યુ છે.

## યુપીમાં વરસાદ બિહારમાં ધુમ્મસ છવાયું, ૧૦ જિલ્લામાં પારો ગગડ્યો

। (એજન્સી) લખનઉ, તા.૧૨ ।

દેશભરમાં ઠંડા પવનોએ તેની અસર દેખાવાનું શરૂ કર્યું છે. ઠંડા પવનોને કારણે ઘણા રાજ્યોમાં લઘુત્તમ તાપમાન ઘણું નીચું નોંધાયું છે. હવામાન વિભાગે ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં કોલ્ડવેવ એલર્ટ જાહેર કર્યું છે. આ શ્રેણીમાં ઉત્તર પ્રદેશમાં આગામી ૫ દિવસ સુધી વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. તે જ સમયે, બિહારના ઘણા જિલ્લાઓમાં વરસાદની સાથે ગાઢ ધુમ્મસ પણ પડી શકે છે. આગામી દિવસોમાં બંને રાજ્યોના હવામાનમાં ઝડપથી ફેરફાર થવાની સંભાવના છે. હવામાન વિભાગે ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓમાં વરસાદ અને ગાઢ ધુમ્મસની ચેતવણી જારી કરી છે. ગાઢ ધુમ્મસની સાથે સાથે રાજ્યમાં ઠંડા પવનોથી હવામાનનો મિજાજ પણ બદલાશે. લખીમપુર ખેરી, સીતાપુર, હરદોઈ, વારાણસી. ગોરખપુર, લખનૌ, કાનપુર, મુરાદાબાદ, અમરોહા, મેરઠ, સહારનપુર અને મુઝફ્ફરનગરમાં ગાઢ ધુમ્મસ જોવા મળશે. જે જિલ્લાઓમાં વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે તેમાં મુઝફ્ફરનગર, મેરઠ, મુરાદાબાદ, અમરોહા, રામપુર, ગાઝિયાબાદ, હાપુડ, બુલંદશહર, સંભલ, મથુરા, પીલીભીત, બરેલી, લખીમપુર ખેરી, બદાઉન, શાહજહાંપુર, અલીગઢ અને હાથરસનો સમાવેશ થાય છે.

## રન-વેની જગ્યાએ રસ્તા પર ઊતરી ગયું વિમાન, થઈ ગયા બે ટુકડાં, ૪ ઘાયલ

। (એજન્સી) ટેક્સાસ, તા.૧૨ ।

અમેરિકાના ટેક્સાસમાં ગઈકાલે બુધવારે એક પ્લેન લેન્ડિંગ સમયે રનવેના બદલે રસ્તા પર ઉતરી જતાં દુર્ઘટના સર્જાઈ હતી. રસ્તા પર લેન્ડિંગ કરતાં જ વિમાનના બે ટુકડાં થઈ જતાં અફરાતફરી મચી હતી. આ દુર્ઘટનામાં ચાર લોકો ઘાયલ થયા હતા. રસ્તા પર લેન્ડિંગ સમયે વિમાને અનેક કારને પણ અડફેટમાં લીધી હતી. દક્ષિણ ટેક્સાસના વિક્ટોરિયા શહેરમાં સ્ટેટ હાઈવે પર આ દુર્ઘટના બની હતી.વિક્ટોરિયા પોલીસ વિભાગના ડેપ્યુટી પોલીસ ઈન્સ્પેક્ટર એલાઈન મોયાએ જણાવ્યું હતું કે, આ દુર્ઘટનામાં ચાર લોકોને ઈજા થઈ છે. જો કે, કોઈ મોટી જાનહાનિ ટળી છે. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જેમાં ત્રણની સ્થિતિ સ્થિર છે. એકને ગંભીર ઈજાઓ થઈ છે. મીડિયા રિપોર્ટ અનુસાર, આ એક ટ્વિન એન્જિન પાઈપર પીઈ-૩૧ વિમાન હતું.

દુર્ઘટના સમયે માત્ર પાયલોટ જ વિમાનમાં હતો. વિક્ટોરિયા પોલીસ વિભાગ અને એફએએએ દુર્ઘટનાની તપાસ શરૂ કરી છે. વિમાને ગઈકાલે સવારે ૯.૫૨ વાગ્યે વિક્ટોરિયા ક્ષેત્રીય હવાઈ મથકથી ઉડાન ભરી હતી. પાંચ કલાક સુધી હવામાં રહ્યા બાદ અચાનક આ દુર્ઘટના સર્જાઈ હતી.

### ખાનગી પ્રકાશનના પુસ્તકો ભણાવાતા નોટિસ

## ભાવનગરની પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલને રૂપિયા ૧.૮૦ લાખનો દંડ

। (એજન્સી) ભાવનગર, તા.૧૨ ।

ભાવનગરની પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ખાનગી પ્રકાશનના પુસ્તકો ભણાવતા સ્કૂલને રૂ.૧.૮૦ લાખનો દંડ કરવાની સાથે નોટિસ ફટકારવામાં આવી છે. જેમાં DEO દ્વારા નોટિસનો ત્રણ દિવસમાં જવાબ આપવા સ્કૂલને આદેશ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, ભાવનગરમાં આવેલી પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ૧ થી ૮ ધોરણના અંગ્રેજી માધ્યમમાં NCERT પુસ્તકોની જગ્યાએ ખાનગી પ્રકાશનના પાઠ્યપુસ્તકો વડે વિદ્યાર્થીઓને ભણાવવામાં આવતા હતા. વિદ્યાર્થીઓને NCERT પુસ્તકોના બદલે ખાનગી પ્રકાશનની પુસ્તકોથી ભણાવતા હોવાની જિલ્લા શિક્ષણ વિભાગના અધિકારીને જાણ થઈ હતી. આ પછી DEOએ સ્કૂલને નોટિસ ફટકારી. DEO દ્વારા સ્કૂલને રૂ.૧.૮૦ લાખનો દંડની સાથે શો કોઝ નોટિસ ફટકારવામાં આવી છે. જેમાં સ્કૂલને ત્રણ દિવસની અંદરમાં નોટિસનો જવાબ આપવા આદેશ કરવામાં આવ્યો છે. આ સાથે જો સ્કૂલ દ્વારા આ અંગે યોગ્ય પગલા લેવામાં નહીં આવે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### સાયલા પાળિયાદ હાઇવે પર અકસ્માત સર્જાયો

## સુરેન્દ્રનગરમાં સાયલા-પાળીયાદ હાઇવે પર અકસ્માતમાં ૪૫ ઘેટા બકરાનાં મોત

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૨ ।

સુરેન્દ્રનગરમાં અકસ્માતમાં ૪૫ ઘેટાબકરાના મોત થયા છે. સાયલા પાળિયાદ હાઈવે પર અકસ્માત સર્જાયો છે. ડમ્પર ચાલકે ૪૫ ઘેટાબકરા હડફેટે લઈને મોતને ઘાટ ઉતાર્યા હતા. ડમ્પર ચાલકે પશુપાલકને પણ હડફેડે લીધો હતો અને તે ગંભીર ઈજા પામ્યો છે. આ ઘટનાના પગલે સાયલા પોલીસ, મામલતદાર અને ટીડીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અકસ્માતના કારણે સાયલા-પાળીયાદ હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. અકસ્માત ડમ્પર ચાલકની ધરપકડ કરી તેને પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. સુરેન્દ્રનગરમાં સાળિયા-પાળિયાદ હાઈવે આમ પણ અકસ્માતો માટે જાણીતો છે.આ અગાઉ સુરેન્દ્રનગરના સાયલા-ચોટીલા નેશનલ હાઈવે પરના અકસ્માતમાં બેના મોત થયા છે. આ અકસ્માતમાં નેશનલ હાઈવે પર કાર પલ્ટી ખાઈ જતા બેના મોત થયા હતા અને સાતને ઈજા થઈ હતી. કારમાં બેઠેલા લોકો ભજનના કાર્યક્રમમાં જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત રોડ પર પડેલા મૃત પશુના કારણે સર્જાયો હતો. આ અકસ્માતમાં લીંબડીના બે આશાસ્પદ યુવાનોએ જીવ ગુમાવ્યા છે. આ પહેલા પણ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા સર્કલ પાસેના બ્રિજ પરના અકસ્માતની ઘટનામાં બેના મોત નીપજ્યા હતા. તેમા ઉભેલા ટ્રકની પાછળ બીજી ટ્રક ઘૂસી જતા આ અકસ્માત થયો હતો, જે અકસ્માતમાં કાકા ભત્રીજાનું મોત થયું હતું. ટ્રક વીજાપુરથી રાજકોટ જતી હતી ત્યારે સાયલા પાસે અકસ્માત થયો હતો.આ ઉપરાંત સુરેન્દ્રનગરના ચોટીલા-રાજકોટ હાઈવે પર ખાનગી હોસ્પિટલની એમ્બ્યુલન્સને પણ અકસ્માત નડ્યો હતો.

### દ્વારકાના દરિયામાં ભારતીય કોસ્ટ ગાર્ડની કાર્યવાહી

# બે બોટ સાથે બાંગ્લાદેશી ૭૮ માછીમારોની અટકાયત કરાઈ

। (એજન્સી) જામખંભાળિયા, તા.૧૨ ।

ભારતીય કોસ્ટ ગાર્ડને ભારતીય જળસીમામાં ગેરકાયદે માછીમારી કરતી બે બાંગ્લાદેશી ફિશિંગ બોટ કબજે કરવામાં સફળતા મળી છે. જેમાં કુલ ૭૮ બાંગ્લાદેશી માછીમારોની પણ અટક કરવામાં આવી છે. ભારતીય કોસ્ટગાર્ડ જહાજ ઈન્ટરનેશનલ મેરી ટાઈમ બાઉન્ડ્રી પાસે રાબેતા મુજબ પેટ્રોલીંગ કરી રહ્યું હતું, તે દરમ્યાન ભારતીય કોસ્ટગાર્ડને ભારતીય દરીયાઈ ઝોનમાં શંકાસ્પદ પ્રવૃત્તિ અંગેની માહિતી મળતા સુરક્ષા દળોએ તપાસ હાથ ધરી હતી. જેમાં બાંગ્લાદેશી ફિશીંગ બોટ એફવી લૈલા-૨ અને એફવી મેઘના-૫ ભારતીય વિસ્તારમાં પરવાનગી વગર માછીમારી કરી રહી હતી.આથી કોસ્ટગાર્ડ દ્વારા તાત્કાલીક કાર્યવાહી કરી, આ બંને બોટને અટકાવીને તપાસ કરતા આ બંને બોટ બાંગ્લાદેશમાં નોંધાયેલી હોવાનું જાણવા મળ્યું હતું. આ બંને બોટમાંથી ૪૧ અને ૩૭ મળી કુલ ૭૮ બાંગ્લાદેશી ઝડપાયા હતા. ભારતીય કોસ્ટગાર્ડ



દ્વારા બન્ને બોટ કબજે કરીને આ બોટમાં હાજર ૭૮ માછીમારોને ઝડપી લઈને આગળની કાર્યવાહી માટે તમામ માછીમારોનો કબજો સબંધિત અધિકારીઓને સોંપી આપ્યો છે.

### સુરત, ભાવનગર, ભુજ, અમદાવાદથી પ્રયાગરાજ સુધીનું ટ્રેન લિસ્ટ

# મહા કુંભ મેળા દરમિયાન અમદાવાદથી પ્રયાગરાજ સુધી વિશેષ ટ્રેનનું આયોજન

**અમદાવાદથી ૦૯.૧૦ કલાકે થી ઉપડે છે અને ગોરખપુર સુધી જાય છે આ ટ્રેન પ્રયાગરાજ બીજે દિવસે ૦૮.૪૫ કલાકે પહોંચાડે છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

મહા કુંભ મેળા દરમિયાન સંગમમાં સ્નાન કરવા પ્રયાગરાજ આવતા પ્રવાસીઓને મહત્તમ સુવિધાઓ પૂરી પાડવામાં આવે. તેમની યાત્રા સરળ અને સુખદ રહે આને ધ્યાનમાં રાખીને રેલવે લગભગ ૩,૦૦૦ વિશેષ ટ્રેનો સહિત ૧૩,૦૦૦ થી વધુ ટ્રેનો દોડાવશે. આ કેટેગરીમાં દક્ષિણ પૂર્વ મધ્ય રેલવે તરફથી ત્રણ કુંભમેળા વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે. ઉત્તરપ્રદેશમાં આવેલા પ્રયાગરાજમાં આવતા વર્ષે એટલે કે ૨૦૨૫ માં મહાકુંભ યોજાવા જઈ રહ્યો છે. જેમાં દેશ-દુનિયામાંથી લોકો આવે છે. તો ગુજરાતથી પણ લોકો જવાની તૈયારી કરી રહ્યા હોય છે. તો ત્યાં સુધી પહોંચવા માટે તમે ટ્રેન, બસ કે વિમાન દ્વારા જઈ શકો છો. આજે તમને ટ્રેન વિશે જણાવશું કે કેટલી એવી ટ્રેનો છે જે ગુજરાતના અમદાવાદથી પ્રયાગરાજ સુધી જાય છે. ટ્રેન નંબર : ૧૨૯૪૧ પારસનાથ એક્સપ્રેસ ભાવનગરથી ૧૭.૪૫ કલાકે ઉપડે છે અને અમદાવાદ ૨૩.૦૫ એ પહોંચે છે. તે પ્રયાગરાજ જંક્શન બીજે દિવસે ૨૨.૦૦ કલાકે પહોંચાડે છે. રતલામ અને આગ્રા વધારે સમય હોલ્ટ કરે છે. આ ટ્રેન અંદાજે ૧૬૯૬ કિમી કાપશે. ટ્રેન નંબર : ૧૯૪૮૯ ગોરખ પુર એક્સપ્રેસ અમદાવાદથી ૦૯.૧૦ કલાકે થી ઉપડે છે અને ગોરખપુર સુધી જાય છે. આ ટ્રેન પ્રયાગરાજ બીજે દિવસે ૦૮.૪૫ કલાકે પહોંચાડે છે. વચ્ચે આવતા સ્ટેશનોમાં દાહોદ, રતલામ, ઉજ્જૈન, ભોપાલ, દમોહ, સતના વગેરે સ્થળો એ રોકાય છે. આ ટ્રેન અઠવાડિયામાં સોમવાર સિવાય દરેક વારે ચાલે છે. ટ્રેન નંબર : ૨૨૯૬૭ પ્રયાગરાજ એક્સપ્રેસ અમદાવાદથી પ્રયાગરાજ જાય છે. અમદાવાદથી ૧૬.૩૫એ ઉપડે છે અને પ્રયાગરાજ બીજે દિવસે ૧૬.૫૦ કલાકે પહોંચાડે છે. આ ટ્રેન ગુરુવારે ચાલે છે. આ ટ્રેન મધ્યપ્રદેશમાંથી પસાર થાય છે. અમદાવાદથી સુરત અને નંદુરબાર, ભુસાવલ, જબલપુર, મહીયર થઈને પ્રયાગરાજ પહોંચાડે છે. ટ્રેન નંબર : ૧૯૪૩૫ અમદાવાદથી પ્રયાગરાજ સુધીની ટ્રેન છે. જે અમદાવાદથી ૦૦.૩૫ કલાકે ઉપડે છે અને બીજે દિવસે ૦૭.૧૮ એ પ્રયાગરાજ પહોંચાડે છે. આખા રુટમાં તે અંદાજે ૧૬૪૫ જેટલું અંતર કાપે છે. આ ટ્રેન પણ સૅ થઈને જાય છે. સુરત, નંદુરબાર, ખરગપુર, બન્દા, ચિત્રકુટ થઈને પ્રયાગરાજ પહોંચાડે છે. ટ્રેન નંબર : ૨૨૯૬૯ ઓખા-બનારસ સુપરફાસ્ટ એક્સપ્રેસ. આ ટ્રેન ઓખાથી ૧૪.૦૫ એ ઉપડે છે. દ્વારતા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, આણંદ, છાયાપુરી(વડોદરા), રતલામ, કોટા, આગ્રા, કાનપુર, થઈને પ્રયાગરાજ પહોંચાડે છે. આ ટ્રેન બીજે દિવસે ૨૨.૫૦ કલાકે પહોંચાડે છે.

## સાણંદમાં NIAના દરોડા, એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

એનઆઈએ દ્વારા પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદમાં ભરતી અને નેટવર્કિંગના મામલે ચાલી રહેલી તપાસ અંતગર્ત પાંચ રાજ્યોમાં ૧૯ સ્થળોએ તપાસ અભિયાન ચાલુ કર્યું છે. ઉચ્ચ અધિકારીઓના મતે, આ કાર્યવાહી છે તે આતંકવાદી નેટવર્કને ખતમ કરવા તેમજ તેમની નાણાકીય અને લોજિસ્ટિક સિસ્ટમને શોધી કાઢવાની પ્રક્રિયાનો જ એક ભાગ છે. આ અભિયાન અંતર્ગત સાણંદ નજીક આવેલા ચેખલા ગામમાં એનઆઈએની ટીમે મોડી રાતથી જ કાર્યવાહી આદરી છે. હાલમાં મદરેસામાં કામ કરતાં આદિલ વેપારીની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે. તે આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમંદ સાથે જોડાયેલા હોવાની શંકા હોવાથી આ અંગે તપાસ ચાલી રહી છે. માત્ર ગુજરાત જ નહીં, જમ્મુ-કાશ્મીર,ઉત્તર પ્રદેશ,અસામ અને મહારાષ્ટ્રમાં અનેક ઠેકાણે આજે સવારથી એનઆઈએની દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. આ અભિયાન આતંકવાદી ગતિવિધિઓને મૂળથી જ ડામી દેવાના પ્રયાસ પર જ કેન્દ્રિત છે. આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ વધુને વધુ યુવાનોને કટ્ટરવાદી બનાવવા માટે પ્રચાર કરી રહ્યું છે. ખાસ કરીને જમ્મુ-કાશ્મીરના રિયાસી, બડગામ તથા અનંતનાગ જેવા વિસ્તારોમાં NIAની ટીમે સાબિતીઓ શોધીને તપાસ વધુ ઝડપી બનાવી છે.

## હાથરસ પહોંચ્યા રાહુલ ગાંધી, પીડિત પરિવાર સાથે કરી મુલાકાત

। (એજન્સી) હાથરસ, તા.૧૨ ।

લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી હાથરસ પહોંચ્યા હતા. તેઓ અહીં પીડિતાના પરિવારના સભ્યોને મળ્યા હતા. રાહુલ ગાંધીની હાથરસ મુલાકાત માટે કાયદો અને વ્યવસ્થા કડક કરવામાં આવી છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને હાથરસના બૂલગઢી ગામમાં વધારાના પોલીસ દળોને તૈનાત કરવામાં આવ્યા છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, પીડિતાના પરિવારે થોડા દિવસો પહેલા રાહુલ ગાંધીનો સંપર્ક કર્યો હતો અને તેમને કહ્યું હતું કે ઘટના બાદ યુપી સરકાર દ્વારા નોકરી અને ઘરનું વચન પૂરું કરવામાં આવ્યું નથી. પીડિત પરિવારને સુરક્ષા આપવામાં આવી છે. તેમણે કહ્યું કે સુરક્ષાના કારણોસર તેમની અટકાયત કરવામાં આવી હતી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની હાથરસની મુલાકાતના ચાર વર્ષ બાદ આ મુદો ફરી એકવાર સામે આવ્યો છે. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ હાથરસમાં એક યુવતી પર તેના ગામના કેટલાક લોકોએ બળાત્કાર ગુજાર્યો હતો, સારવાર દરમિયાન યુવતી મૃત્યુ પામી હતી. આ કેસમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી ૩ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ પરિવારને મળ્યા હતા અને જાહેરાત કરી હતી કે તેઓ મૃતકને ન્યાય અપાવવા માટે લડશે. ૩૦ ઓક્ટોબરની સવારે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. તેણીના પરિવારે આક્ષેપ કર્યો હતો કે સ્થાનિક પોલીસે તેમને રાત્રે અંતિમ સંસ્કાર કરવા માટે દબાણ કર્યું હતું.ભાજપે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની હાથરસ મુલાકાતના સમય પર સવાલ ઉઠાવ્યા છે.

### થોડા સમય પહેલાં ૮ બોગસ ડોકટરો પકડાયા હતા

## સુરતના વલ્લભનગરમાં ક્લિનિક ચલાવતો વધુ ૧ બોગસ ડોક્ટર ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

સુરતમાં બોગસ ડોક્ટરોનો રાફડો ફાટ્યો હોય તેમ, બોગસ ડોકટરો ઝડપાઈ રહ્યા છે. સુરતમાં થોડા દિવસ પહેલાં જ કાપોદ્રા પોલીસે બોગસ ડોકટરોની ધરપકડ કરી હતી. બોગસ ડોકટરોને કાપોદ્રા પોલીસે ક્લિનક પર લઈ જઈ ડોક્ટરનો વરઘોડો કાઢ્યો હતો. ત્યારબાદ થોડા દિવસોમાં જ પાંડેસરા બાદ હવે કાપોદ્રા પોલીસે બોગસ ડોક્ટરની ધરપકડ કરી છે. સુરત પોલીસે કાપોદ્રા વિસ્તારમાં આવેલી વલ્લભનગરમાં ક્લિનિક ચલાવતો બોગસ ડોક્ટર એ.કે. સિંહ નામના બોગસ ડોક્ટરની ધરપકડ કરવામાં આવી છે. બોગસ ડોકટર વર્ષ ૨૦૦૮માં પણ પોલીસના હાથે ચડ્યો હતો. હાલ સમગ્ર મામલે પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. સુરતમાં થોડા સમય પહેલાં ૮ બોગસ ડોકટરો પકડાયા હતા. રશેસ ગુજરાથી આણી મંડળીએ અત્યાર સુધી ૭૦ હજાર ખંખેરી હજારો લોકોને નકલી ડોકટર ડિગ્રી આપી હતી. પાંડેસરા પોલીસે રસેશ ગુજરાતી, બી.કે.રાવત અને ઈરફાન સેયદના રિમાન્ડ મેળવી પૂછપરછ આદરી છે. બીજી તરફ રસેશ ગુજરાતી આણી મંડળી સામે નકલી ડોક્ટરો ફરિયાદ કરવા માટે પાંડેસરા પોલીસ સ્ટેશન પહોંચી રહ્યા છે. અત્યાર સુધીમાં આઠ જેટલા નકલી ડોક્ટરો પાંડેસરા પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા અને તેઓએ જણાવ્યું કે, રસેશ ગુજરાતીએ અમને પણ નકલી ડિગ્રી આપી છે.કાપોદ્રા પોલીસે બોગસ ડોકટરને તેના ક્લિનિક પર જઈને ઝડપીને વરઘોડો કાઢવામાં આવ્યો હતો. સુરત શહેરમાં વધુ એક બોગસ ડોક્ટરની ધરપકડ કરવામાં આવી છે. વલ્લભનગરમાં ક્લિનિક ચલાવતો બોગસ ડોક્ટર એ.કે. સિંહ નામના બોગસ ડોક્ટરની પોલીસે ધરપકડ કરીને કાપોદ્રા પોલીસે ક્લિનક પર લઈ જઈ ડોક્ટરનો વરઘોડો કાઢ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરીને યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું

## કોઈ સલીમ સુરેશ બનીને ભોળીભાળી દીકરીઓને છેતરશે એ નહીં ચાલે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।


કોઈ સલીમ સુરેશ બનીને ભોળીભાળી દીકરીઓને છેતરશે એ નહીં ચાલે તેમ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે જણાવ્યું હતું. તેઓ શહેરમાં એક સમારંભમાં બોલી રહ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદના નવા કાર્યાલય માટે ભૂમિપૂજનમાં સામેલ થયેલા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ લવ જેહાદ અને લેન્ડ જેહાદ જેવા વિષયો ઉપર રાજ્યની ભૂપેન્દ્ર પટેલ સરકારનું વલણ મક્કમ હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, સમાજના કોઈપણ વર્ગ સાથે અન્યાય કર્યા વિના કાયદાની મર્યાદામાં રહીને પગલાં લેવા માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. ગૃહ રાજ્યમંત્રીએ શબ્દો ચોર્યા વિના કહ્યું કે, કોઈ સલીમ જો સુરેશ બનીને ભોળીભાળી છોકરીઓને ફસાવવાનો પ્રયાસ કરશે તો એ ચલાવી લેવામાં નહીં આવે. આ સંદર્ભમાં હર્ષ સંઘવીએ માહિતી આપી કે, છેલ્લા થોડા વખતમાં આવી પાંચથી સાત છોકરીઓને વિધર્મીઓની ચુંગાલમાંથી છોડાવીને તેમનાં માતા-પિતાને પરત સોંપવામાં આવી છે. ગૃહ રાજ્યમંત્રીએ જણાવ્યું કે આ છોકરીઓને ગુજરાતના અલગ અલગ શહેરોમાંથી ફોસલાવીને મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં લઈ જવામાં આવી હતી. કેટલાક કિસ્સામાં માતા-પિતાએ મદદ માગી હતી, જ્યારે ઘણા કિસ્સામાં માતા-પિતાએ મૌન રહેવાનું પસંદ કર્યું હતું. જોકે, સામાજિક સંગઠનો દ્વારા મળેલી માહિતીને આધારે રાજ્યની પોલીસે ત્વરિત પગલાં લઈને આ દીકરીઓને પરત લાવવાની કામગીરી કરી છે તેમ તેમણે કહ્યું હતું.હર્ષભાઈ શાહે ગેરકાયદે બાંધકામોનો પણ આ પ્રસંગે ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, અનેક સરકારી જમીનો ઉપર ગેરકાયદે બાંધકામ કરી દેવામાં આવ્યાં છે પરંતુ રાજ્યની ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર સતર્ક છે અને આવાં બાંધકામોને તોડી પાડીને જગ્યાઓ ખુલ્લી કરવામાં આવી રહી છે. આ ખુલ્લી થયેલી જગ્યાઓ ઉપર શાળાઓ બનશે, હોસ્પિટલો બનશે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકસાવેલી સુશાસન પ્રણાલીને રાજ્યમાં ટ્રાન્સપરન્ટ રિક્રુટમેન્ટ પ્રક્રિયાથી વર્તમાન સરકારે આગળ ધપાવી છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની વર્તમાન રાજ્ય સરકારના સેવા, સંકલ્પ અને સમર્પણના બે વર્ષ પૂર્ણ થઈ તૃતિય વર્ષમાં પદાર્પણ અવસરે રાજ્ય સરકારની સેવાઓમાં યુવાશક્તિના સામર્થ્ય અને કૌશલ્યને જોડવાનો ગૌરવશાળી સમારોહ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાયો હતો .મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં નવી નિમણુંક પામેલા ૫૮૦ જેટલા યુવાઓને આ સમારોહમાં નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, પંચાયત રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ અને મુખ્ય સચિવશ્રી રાજકુમારની ઉપસ્થિતીમાં નિમણૂક પત્રો એનાયત કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં રાજ્યસરકારે યુવાશક્તિના કૌશલ્યને જનતાની સેવામાં જોડવા સરકારી વિભાગોમાં ભરતી કેલેન્ડર અનુસાર સ્પર્ધાત્મક પરિક્ષાઓથી ભરતી પ્રક્રિયાને પ્રાથમિક્તા આપી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આવી સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં સફળ થઈને નિમણૂક પામી રહેલા યુવાઓને નિયુક્તિ પત્રો એનાયત કરતા સ્પષ્ટ પણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુશાસનની જે પ્રણાલી પ્રસ્થાપિત કરી છે તેને ટ્રાન્સપેરેન્ટ રીક્રુટમેન્ટથી વર્તમાન સરકાર આળગ ધપાવી રહી છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, રાજ્યમાં વિકાસની જે નવી ક્ષિતીજો ખુલી છે તેના પરીણામે હવે લોકોની અપેક્ષાઓ વધી છે અને ટાઈમલી ડિલીવરી તથા ટ્રાન્સપેરેન્ટ ગવર્નન્સ જોઈએ છે.

રાજ્ય સરકારે આ માટે પુરી પારદર્શિતાથી નવયુવાનોને સરકારી સેવામાં પસંદગી પામવાના અવસરો આપ્યા છે અને લાગવગ કે ભલામણોના તૌર-તરીકા હવે બંધ થઈ ગયા છે એમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓ, વરિષ્ઠ સચિવોના હસ્તે જે નવ યુવાઓને નિમણૂક પત્રો એનાયત થયા છે તેમાં પંચાયત સેવામા અધિક મદદનીશ ઈજનેર, માર્ગ મકાન વિભાગમાં મદદનીશ ઈજનેર, શહેરી વિકાસ વિભાગમાં પ્લાનિંગ આસીસ્ટન્ટ અને સર્વેયર તેમજ સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગમાં આઈ.સી.ટી. ઓફિસર્સની જગ્યાનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારત જ ૨૦૪૭ના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવામાં વિકસિત ગુજરાતના નિર્માણની પ્રતિબદ્ધતા



દર્શાવતા કહ્યું કે, વિકસિત ભારત માટેના ચાર મુખ્ય સ્તંભ ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ પૈકીના એક સ્તંભ એવી યુવાશક્તિના ધગશ, જોમ અને જુસ્સાને વિકસિત ગુજરાત માટે સરકારી સેવાઓમાં જોડવાની આપણી નેમ છે. તેમણે ૨૦૪૭ના વિકસિત ગુજરાત માટે રાજ્ય સરકારે જે રોડમેપ તૈયાર કર્યો છે તેમાં લિવીંગ વેલ અને અર્નિંગ વેલનો ધ્યેય રાખ્યો છે તેની પણ ભુમિકા આ પ્રસંગે આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, લોકોનું ઈઝ ઓફ લિવીંગ વધારવા ગામો-નગરોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અંતર્ગત સ્વચ્છતા-સફાઈ ખાસ કરીને અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજના સુચારું સંચાલન માટે રાજ્ય સરકારે સાધનોની ફાળવણી પણ કરી છે. રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા ૧૬ નગરપાલિકાઓને ઈમરજન્સી રિસ્પોન્સ સેનીટેશન યુનિટ અંતર્ગત ૧૫ જેટીંગ-સકશન મશીન અને ૨૪ ડિસેલ્ટીંગ મશીન પણ આ કાર્યક્રમમાં અર્પણ કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ તકે કહ્યુ કે, આગામી બે વર્ષમાં નગરપાલિકાઓમાં ક્લસ્ટર અભિગમથી વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ બનાવવાનું પણ આયોજન છે. મુખ્યમંત્રીશ્રીએ નવ નિયુકત યુવાઓને નાનામાં નાના માનવીના કલ્યાણ માટે સેવારત રહિને ગુજરાતના સુશાસન અને વિકાસ મોડેલને નવી ઉંચાઈ આપવા પ્રેરણા આપી હતી. નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં બે વર્ષની સફળ વિકાસ યાત્રા બદલ સૌને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતની અવિરત વિકાસયાત્રામાં નવા જોડાયેલાં કર્મચારીઓ સાચા અર્થમાં કર્મયોગી બનીને સેવાના માધ્યમથી સમાજ અને રાષ્ટ્ર વિકાસમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદાન આપશે તેવી આશા છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૧થી ગુજરાતની શાસનધુરા સંભાળી ત્યારથી વાઈબ્રન્ટ ગુજરાત, ઉદ્યોગ ક્ષેત્રને પ્રાધાન્ય, શાળા પ્રવેશોત્સવ,મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના જેવા વિવિધ નવા આયામો શરૂ કરીને અનેક સિદ્ધિઓ સર કરીને સાચા અર્થમાં સુશાસન આપ્યું છે. વડાપ્રધાનશ્રીના વર્ષ ૨૦૪૭ સુધી 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત શ્રેષ્ઠ ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરીને મંત્રીશ્રીએ સૌ નવ નિયુક્ત કર્મયોગીઓને સફળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સ્વાગત પ્રવચન કરતા પંચાયત વિભાગના રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે, છેલ્લાં બે વર્ષમાં ભૂપેન્દ્રભાઈ પટેલના સમર્થ નેતૃત્વમાં ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે. છેવાડાના નાગરિકોના વિકાસ દ્વારા જીવન બદલવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'બે વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના' પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની વિઝનરી લીડરશીપમાં થયેલી જનહિત કામગીરી તેમજ રાજ્ય સરકારના તમામ વિભાગોની વિવિધ યોજનાઓ તેમજ સિદ્ધિઓની સંપૂર્ણ વિગતોની છણાવટ આ માહિતી સભર પુસ્તકમાં કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલ,વિધાનસભાના મુખ્ય દંડક શ્રી જગદીશ મકવાણા,ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી અને શ્રી એમ.કે દાસ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમાર, પંચાયત વિભાગના અગ્ર સચિવ શ્રી મોના ખંધાર, માર્ગ અને મકાન વિભાગના સચિવ શ્રી એ.કે. પટેલ, પંચાયત, શહેરી વિભાગ, વિજ્ઞાન અને પ્રોધોગિક અને માર્ગ - મકાન વિભાગના અધિકારીઓ- કર્મચારીઓ, નવી નિમણૂક પામી રહેલા યુવાઓ અને તેમના પરીવાર જનો ઉપસ્થિત રહ્યાં હતાં.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### હું ભારતમાં મેચ ફિક્સિંગની જાળમાં ફસાયો અને કરિયર ખતમ થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ન્યૂઝીલેન્ડના પૂર્વ ક્રિકેટરે મેચ ફિક્સિંગને લઈને એક મોટો ખુલાસો કર્યો છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ બેટર લૂ વિન્સેન્ટનું કહેવું છે કે, હું ભારતના પ્રવાસ દરમિયાન મેચ ફિક્સિંગની જાળમાં ફસાઈ ગયો હતો. ૨૦૦૦ના દાયકાના અંતમાં હું ઈન્ડિયન ક્રિકેટ લીગ દરમિયાન મેચ ફિક્સિંગની દુનિયામાં ફસાઈ ગયો. ૪૬ વર્ષીય વિન્સેન્ટે ૨૦૦૦ના દાયકાની સૌથી મજબૂત ટીમ ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ ક્રિકેટમાં સદી ફટકારીને કારકિર્દીની શરૂઆત કરી હતી. જો કે આ પછી તે ડિપ્રેશનનો ભોગ બની ગયો હતો. અને તે મેચ ફિક્સિંગની દુનિયામાં જતો રહ્યો હતો. આ કારણે તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દી ૨૯ વર્ષની ઉંમરે જ ખતમ થઈ ગઈ. એક ઈન્ટરવ્યૂમાં તેણે જણાવ્યું હતું કે, 'હું પ્રોફેશનલ ખેલાડી બની શકું તેટલો માનસિક રીતે મજબૂત ન હતો. તેથી ૨૮ વર્ષની ઉંમરે હું ખૂબ જ હતાશ થઈ ગયો હતો. અને પછી હું ભારત ગયો હતો. જ્યાં મને મેચ ફિક્સિંગની દુનિયામાં ધકેલી દેવામાં આવ્યો હતો.' પારિવારિક સ્થિતિ સારી ન હોવાને કારણે વિન્સેન્ટ હંમેશા તેની આસપાસ ભાવનાત્મક લોકો શોધતો હતો અને અંતે તેને ભ્રષ્ટાચારની ગંદી દુનિયામાં તે સહારો મળ્યો.

### 'જે NRC માટે અરજી નહીં કરે તેનો આધાર કાર્ડ નહીં બને..'

। (એજન્સી) આસામ, તા.૧૨ ।

આસામમાં NRCને લઈને આસામ સરકારે મોટો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે સ્પષ્ટતા કરી કે NRC માટે અરજી કરવી ફરજિયાત છે અને જેમણે NRC માટે અરજી કરી નથી તેમને આધાર કાર્ડ આપવામાં નહીં આવે. રાજ્યની હિમંતા બિસ્વા સરમા સરકારે કહ્યું કે જો અરજદાર અથવા તેના પરિવારે NRC માટે અરજી નહીં કરી હોય તો તો યુનિક આઈડેન્ટિટી કાર્ડ (આધાર) મેળવવા માટેની તમામ અરજીઓ ફગાવી દેવામાં આવશે. મુખ્યમંત્રીએ કહ્યું કે બાંગ્લાદેશના લોકો ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા છે ત્યારે કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી સરમાએ કહ્યું, "આસામ પોલીસ, ત્રિપુરા પોલીસ અને બીએસએફએ છેલ્લા બે મહિનામાં ઘૂસણખોરીના ઘણા પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા છે. એટલા માટે બાંગ્લાદેશમાંથી ઘૂસણખોરી આપણા માટે ચિંતાનો વિષય છે. આપણે આપણી સિસ્ટમને મજબૂત કરવી પડશે. અને એટલા માટે જ આધાર મિકેનિઝમ કડક બનાવવામાં આવ્યું છે." કેબિનેટની બેઠક બાદ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારમાં સામાન્ય વહીવટ વિભાગ આધાર માટેના અરજદારોની ચકાસણીની કામગીરી જોશે અને દરેક જિલ્લામાં અધિક જિલ્લા કમિશનર આ કાર્ય માટે જવાબદાર રહેશે. સીએમએ કહ્યું, "પ્રાથમિક અરજી બાદ UIDAI તેને રાજ્ય સરકારને વેરિફિકેશન માટે મોકલશે.

### રેપના આરોપીએ જેલમાંથી બહાર આવતા જ કરી પીડિતાની હત્યા

। (એજન્સી) સુંદરગઢ, તા.૧૨ ।

ઓડિશાના સુંદરગઢ જિલ્લામાં સગીર રેપ પીડિતાની હત્યા કરવામાં આવી છે. આરોપી કુનૂ કિશન જે પહેલા રેપના આરોપ માં જેલમાં બંધ હતો અને જામીન પર છૂટ્યા બાદ પીડિતાનું અપહરણ કરીને તેની હત્યા કરી નાખી હતી. આરોપીએ હત્યા બાદ શબના ટુકડે ટુકડા કરી અલગ અલગ જગ્યાએ ફેકી દીધા હતા. પોલીસ અનુસાર પીડિતાએ ગત વર્ષે આરોપી વિરૂદ્ધ રેપનો કેસ નોંધાવ્યો હતો.પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આરોપી કુનૂ કિશને POCSO એક્ટ હેઠળ સજાથી બચવા માટે હત્યાનું ષડયંત્ર રચ્યું હતું. યુવતીનું ઝારસુગડાથી અપહરણ કરી રાઉરકેલામાં હત્યા કરવામાં આવી હતી. ઘટનાનો ખુલાસો ત્યારે થયો જ્યારે પીડિતાના પરિવારે તેના ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી. ઓડિશા વેસ્ટ રેન્જના આઈજી હિમાંશુ લાલે જણાવ્યું કે પોલીસે CCTV ફૂટેજ અને અન્ય પુરાવા દ્વારા આ હત્યાકાંડને હલ કર્યો હતો. પૂછપરછમાં કુનૂ કિશને પીડિતાની હત્યા કરવા અને શબને ટુકડામાં કાપીને ફેકવાની વાત સ્વીકાર કરી હતી. પહેલા તેને દાવો કર્યો કે શબને બ્રાહ્મણી નદીમાં ફેકવામાં આવ્યો છે પરંતુ બાદમાં તેને અલગ અલગ જગ્યાએ શબના ટુકડા ફેકવાની વાત કરી હતી. પોલીસ અને ઓડિશા ડિઝાસ્ટર રેપિડ એક્શન ફોર્સએ તપાસ કરીનએ શબના કેટલાક ભાગ અને પીડિતાનું જેકેટ જપ્ત કર્યું છે. પોલીસનું કહેવું છે કે આરોપીએ સજાથી બચવા માટે પીડિતાની હત્યા કરી હતી.

#### અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સંકેત આપ્યા

# અમેરિકામાં જન્મથી જ નાગરિકતા મળવાનો નિયમ બદલવાની શક્યતા



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ ।

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરના એક ઈન્ટરવ્યુ દરમિયાન આ કાયદાને હાસ્યાસ્પદ ગણાવ્યો હતો, જેના હેઠળ દેશમાં જન્મેલા કોઈપણ વ્યકિતને આપોઆપ અમેરિકન નાગરિકતા મળી જાય છે. ટ્રમ્પે સંકેત આપ્યો હતો કે તેઓ ૨૦ જાન્યુઆરીએ સત્તા સંભાળ્યા બાદ આ કાયદાને રદ કરવા માટે પગલાં લેશે.નાગરિકતા સંબંધિત આ પગલું ટ્રમ્પ માટે ઘણું સરળ હશેપરંતુ જો તેઓ આ નિયમને બદલવામાં સફળ થાય છે, તો તેની લાંબા ગાળાની અસર શું થશે? ભારતીયો સહિત અન્ય દેશોના નાગરિકો પર આની શું અસર થશે? આ અધિકાર અમેરિકી બંધારણના



૧૪મા સુધારા હેઠળ આપવામાં આવ્યો છે, જેના કારણે દેશની સીમામાં આવતા વિસ્તારમાં જન્મેલા દરેક વ્યકિતને આપોઆપ અમેરિકન નાગરિકતા મળી જાય છે પછી ભલે તેના માતા-પિતા કોઈ પણ નાગરિક હોય. ટ્રમ્પે કહ્યું કે તેઓ જન્મથી નાગરિકતાના નિયમમાં પણ ફેરફાર કરશે. ટ્રમ્પે કહ્યું કે આપણે તેને ખતમ કરવું પડશે. અન્ય દેશોમાં આ વલણ નથી. તેમણે કહ્યું કે આવા નિયમથી દેશની સિસ્ટમનો ફાયદો ઉઠાવવામાં આવે છે અને અમેરિકન નાગરિક બનવા માટેના ધોરણો થોડા કડક હોવા જોઈએ. ટ્રમ્પ અને તેમના સમર્થકોનું કહેવું છે કે આ નિયમ બર્થ ટુરિઝમને પ્રોત્સાહન આપે છે. આ હેઠળ માતાપિતા તેમના બાળકોના જન્મ માટે અમેરિકા જાય છે, જેથી તેઓ અમેરિકન નાગરિકતા મેળવી શકે. ટ્રમ્પ કહે છે કે તેઓ પરિવારોને તોડવા માંગતા નથી, તેથી તેઓ સમગ્ર પરિવારોનેતેમનાદેશમાંપાછામોકલવાના પક્ષમાં છે. રિપબ્લિકન નેતાએ દાવો કર્યો હતો કે અમેરિકા એકમાત્ર એવો દેશ છે યાં આ નિયમ છે. જો કે તેમનો દાવો ખોટો છે કારણ કે વિશ્વના અન્ય ૩૪ દેશોમાં પણ આ નિયમો છે.ટ્રમ્પનું આ વચન તેમના માટે ફાંસો પણ બની શકે છે. અમેરિકાના બંધારણને બદલવાના નિયમો ખૂબ જ કડક છે. સંસદ અને રાયો દ્વારા આ નિયમોમાં ફેરફાર કરવો અમેરિકન રાર્ષ્ટ્રપતિઓ માટે મુશ્કેલ કાર્ય સાબિત થઈ શકે છે. રાયની વિધાનસભાઓથી લઈને સંસદના બંને ગૃહો સુધી પડકારો આવી શકે છે. ૨૦૨૨ની યુએસ સેન્સસના પ્યુ રિસર્ચના વિશ્લેષણ અનુસાર, અમેરિકામાં લગભગ ૪૮ લાખ ભારતીયો રહે છે. તેમાંથી ૩૪ ટકા એટલે કે ૧૬ લાખ આ દેશમાં જ જન્મ્યા છે. આ લોકો હાલના કાયદા હેઠળ અમેરિકાના નાગરિક બન્યા છે. જો ટ્રમ્પ આ કાયદો નાબૂદ કરશે તો ૧૬ લાખ ભારતીયો પ્રભાવિત થશે.

#### બાંગ્લાદેશની એક કોર્ટે તેની જામીન અરજી ફગાવી દીધી

# ઇસ્કોન પૂજારી ચિન્મય કૃષ્ણ દાસને મોટો ઝટકો, જામીન અરજી ફગાવી દેવાઈ

**ચિન્મય કૃષ્ણ દાસની ૨૫ નવેમ્બરે રાજદ્રોહના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી**

। (એજન્સી) ઢાકા, તા.૧૨ ।

ઈસ્કોનના પૂજારી ચિન્મય કૃષ્ણ દાસને બાંગ્લાદેશમાં મોટો આંચકો લાગ્યો છે. બાંગ્લાદેશની એક કોર્ટે તેની જામીન અરજી ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે તે આ કેસની આગામી સુનાવણી ૨ જાન્યુઆરીએ કરશે. કોર્ટે અગાઉ ૨૬ નવેમ્બરે તેની જામીન અરજી ફગાવી દીધી હતી. ચિન્મય કૃષ્ણ દાસની ૨૫ નવેમ્બરે રાજદ્રોહના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. ચટગાંવના મેટ્રોપોલિટન સેશન્સ જજ મોહમ્મદ સૈફુલ ઈસ્લામે બુધવારે જણાવ્યું હતું કે ચિન્મય કૃષ્ણ દાસની અરજી ફગાવી દેવામાં આવી હતી કારણ કે તેમની પાસે કોઈ વકીલનો લેટર ઑફ એટર્ની નથી. આ પછી બાંગ્લાદેશ સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ અને માનવાધિકાર કાર્યકર્તા રવિન્દ્ર ઘોષ ચટ્ટગાંવ ગયા અને



ચિન્મય કૃષ્ણ દાસ માટે કોર્ટમાં અરજી રજૂ કરી હતી. જ્યારે ઘોષે કોર્ટમાં આગોતરી સુનાવણીની વિનંતી કરી, ત્યારે અન્ય વકીલોએ તેનો વિરોધ કર્યો અને કહ્યું કે ઘોષ પાસે ચિન્મય કૃષ્ણ દાસનું પ્રતિનિધિત્વ કરવા માટે કોઈ વકાલતનામા (પાવર ઓફ એટર્ની) નથી. આ પછી કોર્ટે દાસની અરજી ફગાવી દીધી હતી. મીડિયા સાથે ફોન પર વાત કરતાં ઘોષે કહ્યું કે મેં ચિન્મય કૃષ્ણ દાસની જામીનની સુનાવણી માટે વહેલી તારીખ નક્કી કરવા માટે ચટ્ટગાંવ કોર્ટમાં અરજી આપી હતી, પરંતુ તે સમયે લગભગ ૩૦ વકીલોની પરવાનગી વગર કોર્ટ રૂમમાં હાજર હતા. કોર્ટમાં આવીને મારા પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. તેણે કહ્યું કે તેઓ મને ઈસ્કોન એજન્ટ, ચિન્મયનો એજન્ટ કહીને ચીડવે છે. તેઓ મને ખૂની કહે છે. હું વકીલ તરીકે આવ્યો છું. હું ખૂની કેવી રીતે બની શકું? આ કેસમાં સુનાવણી ૩ ડિસેમ્બરે થવાની હતી, પરંતુ ફરિયાદ પક્ષના સૂચન પર, ચિન્મય કૃષ્ણ દાસ વતી કોઈ વકીલ હાજર ન થવાને કારણે કોર્ટે તારીખ ૨ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી ટાળી દીધી હતી. મહત્વનું છે કે, બાંગ્લાદેશમાં બળવા પછી હિન્દુઓનો નરસંહાર થઈ રહ્યો છે. શેખ હસીનાએ સત્તા છોડ્યા બાદ બાંગ્લાદેશમાં હિંદુઓને નિર્દયતાથી કચડવામાં આવી રહ્યા છે.

#### તાલિબાન સરકારે ઘટનાની પુષ્ટિ કરી

# અફઘાનિસ્તાનના કાબુલમાં બ્લાસ્ટ, મંત્રી રહમાન હક્કાની સહિત ૧૨ના મોત

**એક અહેવાલ પ્રમાણે આ હુમલો ત્યારે થયો હતો જ્યારે હક્કાની ખોસ્તથી આવેલા લોકોના ગ્રૂપની યજમાની કરી રહ્યા હતા**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં ભયંકર બ્લાસ્ટ થયો છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે બુધવારે કાબુલમાં શરણાર્થી મંત્રાલયના પરિસરમાં થયેલા બ્લાસ્ટમાં તાલિબાન શરણાર્થી મંત્રી ખલીલ રહેમાન હક્કાની અને તેના ત્રણ બોડીગાર્ડસ સહિત ૧૨ લોકોના મોત થઈ ગયા છે. એક અહેવાલ પ્રમાણે આ હુમલો ત્યારે થયો હતો જ્યારે હક્કાની ખોસ્તથી આવેલા લોકોના ગ્રૂપની યજમાની કરી રહ્યા હતા. તાલિબાન સરકારે આ ઘટનાની પુષ્ટિ કરી છે. હાલમાં આ બ્લાસ્ટ કઈ રીતે થયો અને તેને કોણે અંજામ આપ્યો તે અંગે વધુ માહિતી સામે નથી આવી. અત્યાર સુધી મળેલા ઈનપુટ્સના આધારે આને આત્મઘાતી હુમલો માનવામાં આવી રહ્યો છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આ બ્લાસ્ટમાં આત્મઘાતી હુમલાખોરનું પણ મોત થઈ ગયું છે અને ઘણા લોકો ઘાયલ થયા છે.ખલીલ



રહેમાન હક્કાની તાલિબાનના આંતરિક મંત્રી સિરાજુદ્દીન હક્કાનીના કાકા હતા, તેમને ઓગસ્ટ ૨૦૨૧માં જૂથની સત્તા પર વાપસી બાદ શરણાર્થીઓના કાર્યવાહક મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. પ્રાથમિક રિપોર્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ઈસ્લામિક સ્ટેટ અને તાલિબાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે આ હુમલો ટાર્ગેટેડ હુમલો હોઈ શકે છે, જો કે હજુ સુધી આ મામલે કોઈ સંગઠનની સંડોવણી સામે નથી આવી.



નવી દિલ્હીમાં નેપાળના આર્મી ચીફ જનરલ અશોક રાજે કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી.

# રાધનપુરમાં રિટાયર્ડ જેલરના ઘરે બે રાઉન્ડ ફાયરિંગથી ચકચાર

। (એજન્સી) પાટણ, તા.૧૨ ।

પાટણ જિલ્લાના રાધનપુર શહેરમાં આવેલ રામદેવ સોસાયટીમાં ગત રોજ રિટાયર્ડ જેલર કરશનભાઈ રબારીના ઘરે પથી ૬ જેટલા ઈસમોએ કોઈ કારણસર આવી રાત્રિ દરમિયન બે રાઉન્ડ ફાયરિંગ કરી ૨ જેટલી ગાડીઓને નુકસાન કર્યુ હોવાની ઘટના ઘટી હતી. રાધનપુર પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. પાટણ જિલ્લામાં બે દિવસમાં ફાયરિંગની બે ઘટના બની છે. બે દિવસ અગાઉ પાટણમાં આધેડ પર ફાયરિંગ કરાયું હતું ત્યારે હવે ગત રાત્રે રાધનપુરની રામદેવ સોસાયટીમાં રહેતા રિટાયર્ડ જેલરના ઘરે રાત્રે પથી ૬ જેટલા લોકોએ નજીવી માથાકૂટમાં ૨ રાઉન્ડ ફાયરિંગ કરી ૨ કારને નુકસાન કરવાની સાથે ઘરના બારી બારણાંઓને પણ નુકસાન પહોંચાડી ધમકી આપતાં આ બાબતની રિટાયર્ડ જેલર દ્વારા રાધનપુર પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. ૬ જણા સામે રિટાયર્ડ જેલરે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો કાર્યવાહી હાથ ધરી છે.

#### હાલ સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે

# રોડ અકસ્માતના ખરાબ રેકોર્ડના કારણે વિશ્વ સંમેલનોમાં મોં છુપાવવું પડે છે : ગડકરી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૨ ।

હાલ સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ સંસદમાં કહ્યું કે રોડ અકસ્માતો અંગે ભારતનો રેકોર્ડ એટલો ખરાબ છે કે તેમને વિશ્વ પરિષદોમાં મોં છુપાવવું પડે છે. ગૃહમાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, તેમના મંત્રાલયના તમામ પ્રયાસો છતાં માર્ગ અકસ્માતોમાં ઘટાડો થયો નથી પરંતુ તેમાં વધારો થયો છે.તેમણે કહ્યું, જ્યાં સુધી સમાજ મદદ નહીં કરે, માનવ વર્તન બદલાશે નહીં અને કાયદાનો ભય નહીં રહે ત્યાં સુધી દેશમાં માર્ગ અકસ્માતો પર અંકુશ નહીં આવે. દેશમાં માર્ગ અકસ્માતોની સંખ્યા ઝડપથી વધી રહી છે. દર વર્ષે આવા અકસ્માતોમાં ૧.૭૦ લાખથી વધુ લોકો મૃત્યુ પામે છે. ઘણા લોકો યુદ્ધમાં મરતા નથી, કોવિડમાં મરતા નથી, રમખાણોમાં મરતા નથી પણ અકસ્માતમાં મરે છે. ભારતના રોડ



અકસ્માતના ખરાબ રેકોર્ડના કારણે જ્યારે હું વિશ્વ પરિષદોમાં જાઉં છું ત્યારે મોં છુપાવવું પડે છે. અકસ્માત સમયસર જીવ બચાવી શકાય તેવી સારવાર ન મળવાના કારણે ૩૦ ટકા લોકો મૃત્યુ પામે છે. આપણી પાસે અકસ્માતોનો સૌથી ખરાબ રેકોર્ડ છે. તેમણે સાંસદોને માર્ગ અકસ્માતો અટકાવવા માટે તેમના સ્તરે શ્રેષ્ઠ પ્રયાસો કરવા જણાવ્યું હતું. નીતિ આયોગે અહેવાલ આપ્યો છે કે ૩૦ ટકા માર્ગ અકસ્માત પીડિતો જીવનરક્ષક સારવારના અભાવને કારણે મૃત્યુ પામે છે. તેથી, સારવાર માટે કેશલેસ યોજના શરૂ કરવામાં આવી છે. આ પાયલોટ પ્રોજેક્ટ ઉત્તર પ્રદેશમાં શરૂ કરવામાં આવી રહ્યો છે અને સમગ્ર દેશમાં તેનો અમલ કરવામાં આવશે. તેમણે કહ્યું કે ભારત વિશ્વનો એકમાત્ર એવો દેશ છે જ્યાં ડ્રાઈવિંગ લાઈસન્સ સરળતાથી ઉપલબ્ધ છે. અમે તેમાં સુધારો કરી રહ્યા છીએ. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ સાંસદોને માર્ગ અકસ્માતો અટકાવવા અને સમાજને જાગૃત કરવા માટે પ્રયાસો કરવા જણાવ્યું હતું. નીતિન ગડકરીએ લોકસભામાં જણાવ્યું હતું કે દેશમાં દર વર્ષે ૧.૭૮ લાખ લોકો માર્ગ અકસ્માતોમાં મૃત્યુ પામે છે. તેમાંથી ૬૦ ટકા લોકો ૧૮-૩૪ વર્ષની વય જૂથના છે. ઘણા લોકો હેલ્મેટ વગર ટૂ-વ્હીલર ચલાવી રહ્યા છે. કેટલાક લોકો રેડ સિગ્નલનું ઉલ્લંઘન કરે છે. આ એક વિચિત્ર સ્થિતિ છે. માર્ગ અકસ્માતો અંગેના આઘાતજનક આંકડાઓ પર પૂરક પ્રશ્નોના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, માર્ગ અકસ્માતોને કારણે થતા મૃત્યુમાં ઉત્તરપ્રદેશ મોખરે છે, જ્યારે શહેરોમાં આવા મૃત્યુમાં દિલ્હી ટોચ પર છે.

#### નદીઓ–ઝરણાઓ થીજી ગયા

# જમ્મુ અને કાશ્મીરમાં માઈનસ ૨૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી

**દક્ષિણ કાશ્મીરની વાત કરીએ તો શોપિયાં ત્યાંનો સૌથી ઠંડો વિસ્તાર હતો, શોપિયાંમાં તાપમાન માઈનસ ૬.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

દેશના મેદાની વિસ્તારોમાં ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે કાશ્મીરમાં હાડ થીજાવી દેનારી ઠંડી પડી રહી છે. શીત લહેર અહીં સતત તબાહી મચાવી રહી છે. લઘુત્તમ તાપમાન માઈનસ ૩ થી માઈનસ ૨૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. જમ્મુ અને કાશ્મીરની રાજધાનીમાં માઈનસ ૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, યારે ઝોજિલામાં તાપમાન માઈનસ ૨૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. નદીઓ ઝરણાઓ થીજી ગયા હતા. દક્ષિણ કાશ્મીરની વાત કરીએ તો શોપિયાં ત્યાંનો સૌથી ઠંડો વિસ્તાર હતો. શોપિયાંમાં તાપમાન માઈનસ ૬.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. બીજી તરફ લેહની સ્થિતિ કાશ્મીર કરતાં પણ ખરાબ છે. લેહમાં તાપમાન માઈનસ ૧૦ ડિગ્રીએ પહોંચી ગયું હતું. કડકડતી ઠંડીએ ખીણ પર પણ તેની પકડ મજબૂત કરી દીધી છે અને શુષ્ક મોસમ વચ્ચે તાપમાન વધુ નીચે ગયું હતું. શ્રીનગર સહિત લગભગ તમામ સ્થળોએ લોકોએ સિઝનની સૌથી ઠંડી રાત વિતાવી. અહીં, હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૨૪ કલાક દરમિયાન ખીણમાં હવામાન સૂકું રહેશે અને આ દરમિયાન તીવ્ર ઠંડી યથાવત રહેશે.ઉલ્લેખનીય છે કે તાજેતરમાં પહાડોમાં થયેલી હિમવર્ષા બાદ ખીણમાં હવામાન સૂકું રહ્યું છે, જો કે સૂકી સિઝનમાં તાપમાનનો પારો સતત નીચે જઈ રહ્યો છે જેના કારણે સમગ્ર ખીણમાં તીવ્ર ઠંડી પડી રહી છે. દરમિયાન, હવામાન વિભાગે પણ આગાહી કરી છે કે ખીણમાં હવામાનની પેટર્ન ૧૮ ડિસેમ્બર સુધી આવી જ રહેશે.શ્રીનગરમાં નોંધાયેલ લઘુત્તમ તાપમાન –૫.૪ ડિગ્રી સેલ્સિયસ હતું, જે વર્તમાન સિઝનમાં શ્રીનગરમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન છે. બીજી તરફ, ગુલમર્ગમાં લઘુત્તમ તાપમાન –૯.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે વર્તમાન શિયાળામાં ગુલમર્ગમાં અત્યાર સુધીનું સૌથી ઓછું તાપમાન છે.વર્તમાન શિયાળાનું સૌથી ઓછું લઘુત્તમ તાપમાન કાઝીગુંડમાં –૬.૪ ડિગ્રી સેલ્સિયસ, પહેલગામમાં –૮.૪, કુપવાડામાં –૪.૫ અને કુકરનાગમાં –૪.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

## તંત્રી લેખ...

# ચૂંટણી હારનારા વિપક્ષોના ઈવીએમ પર સવાલો

મહારાષ્ટ્રનાં ચૂંટણી પરિણામો બાદ ઈવીએમ મુદ્દે આકાશ માથે ઉંચકનારા વિપક્ષને ત્યારે ઝાટકો લાગ્યો જ્યારે સુપ્રીમ કોર્ટે એક અરજીકર્તાને પૂછ્યું કે ચૂંટણી હાર્યા બાદ જ કેમ ઈવીએમ પર સવાલો ઉઠાવવામાં આવે છે? અરજીકર્તાની સાથે જ વિપક્ષની પાસે એ સવાલનો કોઈ જવાબ ન હતો. વિપક્ષને એક ઝાટકો ત્યારે પણ લાગ્યો, જ્યારે આ જ સોમવારે મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લામાં પ્રશાસને ૭૫ ઈવીએમનું વીવીપેટ એટલે કે મતદાન ચબરખીઓ સાથે મેળવણી કરી અને જોયું કે મતોમાં કોઈ જ અંતર નથી. આ ઈવીએમની પસંદગી તમામ પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં કરવામાં આવી, જેથી વિપક્ષી નેતાઓ પાસે કોઈ એવું બહાનું ન રહે કે ઈવીએમની પસંદગી મનમાફક રીતે કરાઈ! આ પહેલાં ઈવીએમ મુદ્દા પર મહારાષ્ટ્રના વિપક્ષી દળોએ ત્યારે પોતાની ફજેતી કરાવી, જ્યારે તેના નવા ચૂંટાયેલા ધારાસભ્યોએ શપથ લેવાનો ઈનકાર કર્યાના બીજા જ દિવસે શાણા થઈને શપથ લઈ લીધા! જો વિપક્ષી દળો ઈવીએમ વિરોધને લઈને એટલા ગંભીર હતા કે ધારાસભ્યો શપથ લેવાનું જરૂરી નહોતા માનતા, તો પછી એકાદ અઠવાડિયું તો તેમણે પોતાનું વલણ પકડી રાખવું જોઈતું હતું. જોકે આ ફજેતી બાદ પણ એટલું નક્કી છે કે વિપક્ષનાં રોદણાં ચાલુ જ રહેવાનાં છે. કંઈક નવાં બહાનાં તે શોધી લાવશે અને છાજિયાં લેશે કે તેમને જાણીજોઈને હરાવી દેવામાં આવ્યા છે. મથાળાંમાં ચમકવા માટે તે નિતનવાં ગતકડાં કરશે. હાલમાં મહારાષ્ટ્રના વિપક્ષી નેતા ચૂંટણી પંચને એવા પત્રો મોકલી રહ્યા છે કે ઈવીએમનો ઉપયોગ બંધ કરવામાં આવે. બધા જાણે છે કે આવા પત્રોથી કશું વળવાનું નથી. તેમનો ઉદ્દેશ્ય માત્ર જનતાને ભરમાવવાનો છે. મહારાષ્ટ્રના વિપક્ષી નેતા ગામે ગામ જઈને ગ્રામીણોને એ કહેવા માટે ઉશ્કેરી રહ્યા છે કે તેમને ઈવીએમ પર ભરોસો નથી. ગત દિવસોમાં વધી-ઘટી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા સરદ પવારે એક ગામ જઈને ઈવીએમને નિશાના પર લીધું. તેમના નિવેદનને ઈંગિત કરીને કેટલાક લોકો દ્વારા એવો માહોલ ઊભો કરવાની કોશિશ કરવામાં આવી કે હવે તો શરદ પવારે પણ ઈવીએમ પર શંકા વ્યક્ત કરી દીધી છે એટલે તેને ગંભીરતાથી લેવું જોઇએ, પરંતુ તેનો જવાબ કોઈની પાસે નથી કે શું કામ? શું એટલા માટે કે શરદ પવાર કહી રહ્યા છે? શરદ પવાર મોટા નેતા હશે, પરંતુ તેનો એ મતલબ તો ન હોય કે તેઓ જે બોલે તે પથ્થરની લકીર સમજવી.

## સિસ્ટમ-કાયદો-ન્યાય વ્યવસ્થાના સડાનો ભોગ બનતા પુરુષ

'જસ્ટિસ ઈઝ ડ્યુ' - અતુલ સુભાષના રૂમમાં જ્યારે બેંગલુરુ પોલીસ દાખલ થઈ તો એ પ્રતિભાવાન યુવકના નિષ્પ્રાણ દેહ પાસે જ એક તક્તી પર આ શબ્દો લખેલા હતા. જસ્ટિસ ઈઝ ડ્યુ એટલે કે ન્યાય હજુ બાકી છે. અતુલ સુભાષની આત્મહત્યાએ આખા દેશને હચમચાવી દીધો છે. ૨૪ પાનાંની સુસાઇડ નોટ. મરતાં પહેલાં ૮૦ મિનિટનો રેકોર્ડેડ વીડિયો. દરેક પાના પર પીડા, દરેક શબ્દમાં નિઃસાસો. એ સુસાઈડ નોટ નહીં, આપણી સડી ગયેલી સિસ્ટમ, ક્રૂરતાની હદ સુધીની સોદાબાજીમાં તબદીલ થઈ ગયેલા સંબંધો, કાયદો ન્યાય વ્યવસ્થામાં પેઠેલા સડાનો જીવતો-જાગતો દસ્તાવે જ છે. અતુલ સુભાષની આત્મહત્યાના સમાચાર સાંભળી દેશનો દરેક નાગરિક સ્તબ્ધ થઈ ગયો હશે. એટલે જ સોશ્યલ મીડિયા પર જબરદસ્ત આક્રોશ જોવા મળી રહ્યો છે. ઘરથી માંડીને ચ્હાની ટપરી સુધી તેની જ ચર્ચા છે. હરીફરીને વાત એક જ આવે છે - જસ્ટિસ ઈઝ ડ્યૂ! ૩૪ વર્ષનો અતુલ બેંગલુરુની એક પ્રાઈવેટ કંપનીમાં જોબ કરતો હતો. તેણે તેની પત્ની નિકિતા સિંઘાનિયાની સતામણીથી ત્રાસીને આત્મ હત્યા કરી લીધી. આત્મહત્યા બેશક કાયરતા છે, સમાધાન નથી, પરંતુ અતુલ સતામણીથી એટલો તૂટી ગયો હતો કે ન્યાયની આશા તો છોડી જ દીધી હતી, જિંદગીની આશા પણ તેણે અંતે છોડી દીધી. ૨૪ પેજની સુસાઇડ નોટ અને લગભગ દોઢ કલાકના પોતાના આખરી વીડિયોમાં તેણે જે કંઇ કહ્યું છે , તે કોઈ પથ્થર દિલને પણ પીગળાવી દેવા માટે પૂરતું છે. અતુલ સુભાષે એવી પણ અરજ કરી કે તેના મોત બાદ તેની પત્ની કે તેના પરિજનોને તેના શબ પાસે આવવા દેવામાં ન આવે. એ પણ લખ્યુ કે જયં સુધી દોષીઓને સજા ન મળી જાય, તેના પરિજનો તેના અસ્થિઓને પ્રવાહિત નહીં કરે. સુભાષનો ન્યાયમાં ભરોસો કેટલી હદે ડગી ગયો હતો કે તેણે પોતાની આખરી ઈચ્છામાં એ પણ ઉમેર્યું કે જો તેની સતામણી કરનારા દોષી ન ઠેરવાય તો તેની અસ્થિઓને અદાલત સામે વહેતી ગટરમાં વહાવી દેવાં! મોત પહેલાં તેણે એલન મસ્ક અને ડોનાલ્ડ ટ્રમ્પને પણ ટ્વિટર પર ટેગ કરીને ન્યાયની અરજ કરી હતી. દેશભરમાં જબરદસ્ત આક્રોશ વચ્ચે કેટલાક સવાલ ઊભા થાયછે. સંસદમાં જનતાનો એક પણ પ્રતિનિધિ શું આ મુદ્દે અવાજ ઉઠાવશે? સુપ્રીમ કોર્ટ કે કોઈપણ હાઈકોર્ટે તેની નોંધ લીધી? સંયોગોવશાત મંગળવારે જ સુપ્રીમ કોર્ટ દહેજ ઉત્પીડનના કાયદાના ઉપયોગ પર ચિંતા વ્યક્ત કરી રહી હતી. સોશ્યલ મીડિયા પર આક્રોશ તો છે, પરંતુ શું કોઈ સ્વયંસ્ફૂર્ત ભીડે કેન્ડલ માર્ચ કાઢી? ભીડનું તો છોડો, શું કોઈ સામાજિક સંગઠને ન્યાય માટે સડક પર અવાજ ઉઠાવ્યો? જવાબ છે, ના. તેનું કારણ છે - તે પુરુષ હતો. કાયદા જેન્ડર ન્યૂટ્રલ નથી. કલ્પના કરો કે જો ઘટના આના કરતાં વિપરીત હોત. પત્નીએ સતામણીના પુરાવા આપીને આત્મહત્યા કરી હોત તો? એનો પતિ તો તાત્કાલિક જેલના સળિયા પાછળ હોત. પતિ તો શું તેનું આખું ખાનદાન જેલની હવા ખાતું હોત. સડકો પર કેન્ડલ માર્ચ નીકળતી હોત. ફેમિનિઝમનો ઝંડો પકડીને ચાલનારા લોકોએ સોશ્યલ મીડિયા ગજાવ્યું હોત. પરંતુ અહીં ફરિયાદ થયાને ૨૪ કલાક ઉપર વીતી ગયા છતાં અત્યાર સુધી કોઈ આરોપીની ધરપકડ પણ થઈ હોવાનું જાણવા નથી મળ્યું. ૫ વર્ષ પહેલાં અતુલનાં લગ્ન થયાં હતાં. તેને ૪ વર્ષનો પુત્ર પણ છે. પરંતુ લગ્ન બાદથી તેની સતામણીનો સિલસિલો ચાલુ થઈ ગયો. પત્ની નિકિતા સિંઘાનિયાએ તેના અને તેના પરિવાર વિરુદ્ધ એક-બે નહીં, પરંતુ આખા ૯ કેસો દાખલ કર્યા હતા. દહેજ ઉત્પીડનથી માંડીને ઘરેલુ હિંસા સુધીનો. બીજું તો ઠીક, હત્યાનો પણ બનાવટી કેસ કર્યો હતો. સંજોગોવશાત સુભાષના લગ્નના થોડા મહિના બાદ જ નિકિતા સિંઘાનિયાના પિતાનું મોત થઈ ગયું હતું. તેણે ત્યારે પતિ વિરુદ્ધ મર્ડરનો કેસ નોંધાવયો હતો કે દહેજની માંગને કારણે આઘાતથી તેના પિતાનું મોત થઈ ગયું. નિકિતા સિંઘાનિયા ખુદ એક મલ્ટીનેશનલ કંપનીમાં જોબ કરે છે. પોતાના ૨૪ પેજની સુસાઈડ નોટ અને ૮૦ મિનિટના વીડિયોમાં સુભાષે આરોપ લગાવ્યો કે નિકિતા સિંઘાનિયા કેસ પાછો ખેંચવાને બદલે ૩ કરોડ રૂપિયા માગી રહી હતી. મામલો અદાલતમાં ચાલી રહ્યો હતો અને માસુમ પુત્ર નિકિતાની કસ્ટડીમાં હતો.

### ૧૯૫૭ માં બનેલી નયા દોર નામની આ ફિલ્મમાં દિલીપકુમાર અને વૈજન્તીમાલા એ અભિનય કર્યો છે

# નવયુગ નાં નિર્માણ માટે નયા દૌરનાં સાથી હાથ બઢાના રે... ગીતનો ભાવ સમજીએ



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ભગવાં કપડાં પહેરીને સન્યાસ લેવાય નહીં તો કંઈ નહીં, પરંતુ આપણી વૃત્તિઓમાં થોડો વૈરાગ્ય જગાવવો પડશે, અને એની માટે સૌને પોતાના સમજી પ્રેમ કરવો પડશે, મારું તારું નાં આ બંધનોથી જાતને મુક્ત કરી, વિવિધતાનો ત્યાગ કરીએ. દરેકે દરેક વ્યક્તિ આવી નાની-નાની કોઈ પણ પાંચ કે દસ વાતને યાદ રાખી, અને તેમાં પોતાનાથી થઈ શકે એટલો ફેરફાર કરે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. એક રીતે જોઈએ તો આજનો સમાજ ક્યારેક આપણામાંથી જ કોઈની ભૂલ કે અનિતીથી પતન તરફ જઈ રહ્યો છે! તો ક્યાંક આપણા મૌનથી પણ સમાજની દુર્દશા થઈ છે!: અને ક્યાંકને ક્યાંક આ ભાવ આપણી જીંદગીને ભારેખમ બનાવી રહ્યો છે. પરંતુ નિર્ભાર થવું હોય તો બહુ સ્વાભાવિક રીતે જ હું પણું છોડવું પડે, આગ્રહો છોડવા પડે,આ મારું! આ તમારું! ના એ વ્યવહારમાંથી બહુ સ્વાભાવિક રીતે જ બહાર આવવું પડે. કાગળ પર ખૂબ બધાં કાળા ઘાંટા લીટા પડી ગયા હોય તો ચિત્ર કેમ બને? બહુ સ્વાભાવિક રીતે જ આપણે તેને પહેલાં ભૂંસી ફરી નવું ચિત્ર બનાવવું પડે. સમાજનું ચિત્ર જે આપણા સૌની બેદરકારીને કારણે કે ભૂલને કારણે બગડી ગયું છે, તો ચિત્ર ફરીથી સરસ રીતે દોરવું હોય તો તેને ભૂંસીને નવેસરથી પ્રયત્ન કરવો પડશે. આપણાં થકી સમાજમાં જે કુરિવાજો, પરંપરાઓ, અને રુઢીના દૂષણો પ્રવેશ્યાં છે, એ દૂર કરવાં પડશે. અંધ શ્રદ્ધાનું અંધારું છવાય નહીં, સૌને સ્વીકારતાં શીખવું પડશે, સમાજનાં નાનામાં નાના વર્ગને પણ માન આપવું પડશે, અને સમાજનો દરેક વર્ગ આર્થિક રીતે સમાન બને, એ માટે ઓછાં સાધનોમાં જીવવું પડશે, અને એ રૂપિયા પૈસાથી અન્યને મદદ કરી સમાજમાં સમાનતા ઉભી કરવી પડશે. પહેલી નજરે થોડુંક મુશ્કેલ લાગે, અને એનાથી પણ વધુ, દરેક માણસ એમ વિચારે કે મારા એકના સુધરવાથી કંઈ નહીં થાય, આખા સમાજે સુધરવું પડશે!! તો વાત તો એકદમ સાચી છે. પરંતુ શરૂઆત હું મારાથી કરું એવું વિચારીને દરેકે પહેલ કરવી પડશે, તો જ કંઈક પરિણામ મળશે. યુગનિર્માણનું કામ કોઈ એક બે વ્યક્તિથી આસાનીથી થતું નથી, પરંતુ જો દરેકે દરેક જણ કંઈક કરે તો આ કાર્ય બહુ ઝડપથી થાય, અને એવાં ગીતનો સંદર્ભ લઈને આપણે આજે તરાને કી તર્જ જીવન કા અર્ક માં આગળ ચિંતન કરીશું.

**સાથી હાથ બઢાના રે,**
**સાથી હાથ બઢાનાઃ,**
**એક અકેલા થક જાયેગા,**
**મિલકર બોજ ઉઠાના,**
**સાથી હાથ બઢાનાઃ સાથી રે..**
**હમ મહેનત કરને વાલોને જબભી**
**મિલકર કદમ ઉઠાયા,**
**સાગરને રસ્તા છોડા, પર્વતને શીશ જુકાયા,**
**ફૌલાદી હે સીને અપને,ફૌલાદી હે બાહેં,**
**હમ ચાહે તો પેદા કર દે ચટ્ટાનો મેં રાહે,**
**સાથી હાથ બઢાના રે..**

૧૯૫૭ માં બનેલી નયા દોર નામની આ ફિલ્મમાં દિલીપકુમાર અને વૈજન્તીમાલા એ અભિનય કર્યો છે અને ફિલ્મનું આ ગીત આશા ભોંસલે અને મોહમ્મદ રફી એ ગાયું છે તેમજ સાહિર લુધિયાનવી એ લખ્યું છે, સંગીત દીધું છે ઓમકાર પ્રસાદ નાયરે. ફિલ્મના ટાઈટલ પ્રમાણે જ આપણે પણ નયા દોર એટલે કે જે બધું ભૂલ રૂપે આપણાથી થઈ ગયું છે, એ બધું જ સરખું કરવાં મથવું પડશે. એકબીજા ના સાથ વગર આ કાર્ય શક્ય નથી, સૌએ સાથે મળીને આ કાર્ય કરવું પડશે. કારણકે કોઈ એકની ભૂલથી સમાજ ડામાડોળ થયો નથી, સૌ કોઈની ભૂલ આમાં સામેલ છે, અને લોકકલ્યાણ કે લોકહિતના કાર્ય માટે જ્યારે કોઇ સાધુ આ રીતે યુગ નિર્માણની મસાલ લઈને યજ્ઞ કાર્ય કરવાનું બીડું ઝડપે, તો સૌ કોઈએ પોતાનાથી થાય તેટલી આહુતિ આમાં આપવી પડે ,અને તો જ યજ્ઞ સંપન્ન થાય, તેમજ ધાર્યુ પરિણામ આપણે મેળવી શકીએ. નહીં તો હજી આ સદી પણ પૂરી થઈ જશે, અને કદાચ ત્યારબાદ તો પૃથ્વી પર મનુષ્ય નામની પ્રજાતી પણ હતી, એવો કોઈ શબ્દાર્થ પ્રયોજી શકાય!! આ બધી જ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને સમાજે સુધારવું તો પડશે જ, અને એમ જુવો આજની યુવાની ક્યાંક ક્યાંક બહુ સ્વચ્છંદ છે, તો ક્યાંક સમજુ પણ છે, અને તેઓ પોતાની રીતે આપણા એટલે કે હિન્દુ સંસ્કૃતિના સંસ્કારોને ઉજાગર કરતા પણ જોવા મળી રહ્યાં છે. તો એક આહવાન રૂપે આપણે સૌ સાથી હાથ બઢાના ગીતના મૂળ ભાવને પકડી અને સમાજના ઉદ્ધાર માટે જે કંઈ કરવું પડે એ કરીએ એવો એક સુંદર સંકલ્પ સૌ કરવો પડશે. ભગવાં કપડાં પહેરીને સન્યાસ લેવાય નહીં તો કંઈ નહીં, પરંતુ આપણી વૃત્તિઓમાં થોડો વૈરાગ્ય જગાવવો પડશે, અને એની માટે સૌને પોતાના સમજી પ્રેમ કરવો પડશે, મારું તારું નાં આ બંધનોથી જાતને મુક્ત કરી, વિવિધતાનો ત્યાગ કરીએ. દરેકે દરેક વ્યક્તિ આવી નાની-નાની કોઈ પણ પાંચ કે દસ વાતને યાદ રાખી, અને તેમાં પોતાનાથી થઈ શકે એટલો ફેરફાર કરે, તો પણ સમાજની આજની આ પરિસ્થિતિમાં ઘણો ફેર પડી શકે. ભગવાન રામ જ્યારે સીતાજીની શોધમાં હનુમાન, સુગ્રીવ અને અન્ય વાનર સાથે લંકા તરફ જવા નીકળે છે, અને છેક સુધી પહોંચે છે. ત્યારે એક સમુદ્રનું અંતર બાકી છે, અને આ સમુદ્ર કેમ પાર પાડવો એ એક સૌથી મોટી સમસ્યા હતી. અને પછી એની પર સેતુ બાંધવો એવું નક્કી થયું, સૌ પોત પોતાની રીતે આ સેતુ બનાવવા માટે મહેનત કરી રહ્યા હતાં. ત્યાં આગળ આટા મારતી એક ખિસકોલીને પણ આ સત્કાર્યમાં ભાગ લેવો હતો, અને તે વારેવારે રેતીની અંદર જઈ પોતાના શરીરમાં ભરાય એટલી રેતી કે અન્ય માટી રજકણો લઈ આવતી હતી, અને પછી આ સેતુ પર પોતાની જાત ખંખેરતી હતી, અને સમુદ્ર પર સેતુ બંધાઈ ગયો. ઈતિહાસમાં આજે પણ ખિસકોલીનું નામ આદરપૂર્વક લેવામાં આવે છે, અને તેને યાદ કરવામાં આવે છે, એમ આપણે પણ નયા દોર ના આ ગીતના બોલ પકડી અને આપણાથી જે કંઈ થાય એવા નાના-નાના પ્રયત્નો કરીએ, કે જેથી કરીને આવતીકાલે જ્યારે હિન્દુ સંસ્કૃતિનો ડંકો વિશ્વમાં વાગે, ત્યારે આપણે પણ એ વાતનો ગર્વ લઈ શકીએ, કે આ સંસ્કૃતિના ઉત્થાનમાં નાનો પણ મારો પણ ફાળો છે. કવિ ગીતમાં આગળ લખે છે તેમ મનુષ્ય ધારે તો કંઈ પણ કરી શકે છે, અને એકવાર મહેનત શરૂ કરીએ તો પછી અસ્તિત્વ પણ આપણને સાથ આપે છે.કવિ લખે છે તેમ મહેનત કરવા વાળા એ જ્યારે જ્યારે પોતાના લક્ષ્ય તરફ કદમ આગળ વધાર્યા છે, ત્યારે સમુદ્ર એ માર્ગ આપ્યો છે, અને પર્વત પણ તેની અડગતા આગળ ઝૂકી ગયું છે, કારણ કે આપણી છાતી લોખંડ જેવી અને એ કાર્ય કરવા માટે ના હાથ પણ લોખંડી છે. લોખંડી શબ્દ આવે અને આપણને સરદાર વલ્લભભાઈ પટેલ યાદ ના આવે એવું તો બને ખરું!! યાદ કરીએ એ ભારતની આઝાદીના દિવસો, અંગ્રેજોથી તો દેશ આઝાદ થયો, પણ હજી પણ દેશ એક નહતો, કારણ કે નાના નાના રજવાડાઓ હતાં, અને ગમે ત્યારે એમાંનું કોઈ વળી પાછું ફૂટી જાય, તો ફરી પશ્ચિમી શાસકો આપણી પર રાજ કરી શકે, અને આથી એકત્રીકરણની એ ઐતિહાસીક ઘટના ઘટી, જેનો શ્રેય સરદાર વલ્લભભાઈ ને ફાળે જાય છે. એટલે આપણે પણ આ કાર્ય કરી શકીએ તેમ છીએ, કારણકે ગાંધી-સરદારના ગુજરાતમાં આપણો જન્મ છે, અને લોહીમાં આ બધા સંસ્કારો જન્મતાની સાથે જ આપણને મળ્યા છે. આપણે સૌ સાથી હાથ બઢાના, એ ગીતના શબ્દો મુજબ એક થઈને હિન્દુ સંસ્કૃતિનાં ઉત્થાન માટે વિચારીને આપણાં જેટલો સુધાર થાય એટલો કરીએ, પ્રેમથી એકબીજાને જોડાયેલા રહીએ,સૌની તકલીફો અને દુઃખદર્દને અનુભવીને તેનાં સુખ કંઈક માટે કરીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

### વૃત્રાસુર એટલે ત્રાસ આપનારી વૃત્તિ, વૃત્તિ અંતર્મુખ થાય તો જીવ ઈશ્વરનું મિલન થાય, કોઇપણ અવસ્થામાં ઈશ્વરથી વિભક્ત થશો નહીં

# ભાગવત શાસ્ત્રમાં કેવળ ભક્તિનો જ મહિમા છે અને કર્મ ને ગૌણ માન્યું છે તેવું નથી,પણ સકામ કર્મને ગૌણ માન્યું છે



વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ભાગવતમાં પહેલાં ચરિત્ર કહે છે, પછી સિદ્ધાંત કહે છે, બ્રહ્મનિષ્ઠા એવી દઢહોવી જોઇએ કે, અન્ય વિષયોમાં જવાનું મન ન થાય, મનુષ્ય વિષયોમાં આનંદ શોધવા જાય છે, એટલે આનંદ મળતો નથી, પ્રભુ ભજનમાં વજ જેવી દઢ નિષ્ઠા રાખો, દધીચિ બ્રહ્મનિષ્ઠ છે, તેથી તેના અસ્થિમાં પણ દિવ્યતા આવી છે, તમારા અસ્થિ એટલે સંપૂર્ણ સત્ત્વ સાથે પ્રભુ ભજન કરો, માળાના એક કરોડ જપ થાય તો માળામાં દિવ્યતા આવે છે.**

ભાગવતમાં કર્મની નિંદા નથી,પણ સકામ કર્મની નિંદા ભાગવતમાં ઠેર ઠેર કરવામાં આવે છે. ભાગવત શાસ્ત્રમાં કેવળ ભક્તિ નો જ મહિમા છે અને કર્મને ગૌણ માન્યું છે તેવું નથી.પણ સકામ કર્મને ગૌણ માન્યું છે. કર્મ કરો ત્યારે એક જ હેતુ રાખો કે, મારા ઠાકોરજી પ્રસન્ન થાય, મંત્રમાં ભૂલ થવાથી યજ્ઞકુંડમાંથી વૃત્રાસુર નીકળ્યો. વૃત્રાસુર દેવોને ત્રાસ આપવા લાગ્યો. દેવોના અસ્ત્ર શસ્ત્રોને ગળી જવા લાગ્યો દેવો પરમાત્માને શરણે ગયા. પરમાત્માએ દેવોને કહ્યું કે, દધીચિ ઋષિનાં અસ્થિનું વજ બનાવો. તેનાથી વૃત્રાસુર મરશે. સાથોસાથ ભગવાને દેવોને ઠપકો આપ્યો કે, મને પ્રસન્ન કરી શ્રેષ્ઠ ભક્તિ જેવું વરદાન માગવાને બદલે તમે આવી તુચ્છ વસ્તુ કેમ માગી. દધીચિ ઋષિએ પોતાના અસ્થિ પ્રસન્ન થઇને આપ્યાં. તેમાં પોતાનું દિવ્ય તેજ પ્રભુએ પધરાવ્યું તેજ વજ થયું. વૃત્રાસુરને મારવા ઈન્દ્ર આ વજ લઈ યુદ્ધ કરવા લાગ્યા. વૃત્રાસુર એટલે ત્રાસ આપનારી વૃત્તિ.વૃત્તિ અંતર્મુખ થાય તો જીવ ઈશ્વરનું મિલન થાય. કોઈપણ અવસ્થામાં ઈશ્વરથી વિભક્ત થશો નહીં.વૃત્તિ બહિર્મુખ થાય તો દુઃખ આપે છે, ત્રાસ આપે છે. બહિર્મુખ વૃત્તિ એ જ વૃત્રાસુર. તે દેવોને પણ ત્રાસ આપે છે. વૃત્તિ બહિર્મુખ થાય તો કથામાં કે મંદિરમાં દર્શનમાં આનંદ આવતો નથી. બહિર્મુખ વૃત્તિને જ્ઞાનરૂપી વજથી કાપી નાખો. જ્ઞાન રૂપ કુહાડા વડે વિષય વૃત્તિઓ રૂપી વૃત્રાસુરને મારો, તો ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવોને શાંતિ મળશે. ભાગવતમાં પહેલાં ચરિત્ર કહે છે. પછી સિદ્ધાંત કહે છે. બ્રહ્મનિષ્ઠા એવી દઢહોવી જોઈએ કે,અન્ય વિષયોમાં જવાનું મન ન થાય. મનુષ્ય વિષયોમાં આનંદ શોધવા જાય છે, એટલે આનંદ મળતો નથી. પ્રભુ ભજનમાં વજ જેવી દઢ નિષ્ઠા રાખો.દધીચિ બ્રહ્મનિષ્ઠ છે.તેથી તેના અસ્થિમાં પણ દિવ્યતા આવી છે.તમારા અસ્થિ એટલે સંપૂર્ણ સત્ત્વ સાથે પ્રભુ ભજન કરો.માળાના એક કરોડ જપથાય તો માળામાં દિવ્યતા આવે છે, મેતન આવે છે.મંત્ર,મૂર્તિ અને માળા કોઈ દિવસ બદલશો નહીં. પ્રત્યેક મંત્રમાં દિવ્ય શક્તિ છે. હું મંત્ર પ્રાપ્ત થયો હોય તેમાં દઢ નિષ્ઠા રાખી તેનો જપ કરો. મૂર્તિ પણ બદલવી નહીં. માળા પણ બદલવી નહીં.તેમાં જે સ્વરૂપમાં રુચિ હોય તેમાં પૂર્ણ નિષ્ઠા રાખો. ભગવાન તેમાંથી પ્રગટ થશે. દધીચિનાં અસ્થિનું વજ ધારણ કરી ઈન્દ્ર વૃત્રાસુર સાથે યુદ્ધ કરવા ગયો.ઈન્દ્ર વૃત્રાસુરનું ભયંકર યુદ્ધ થયું, ને ઈન્દ્ર જીત્યો. પણ શાથી? એના યજ્ઞમાંથી પેદા થયેલો વૃત્રાસુર પુષ્ટિ ભક્ત છે.પુષ્ટિ એટલે અનુગ્રહ. ઈન્દ્રના હાથમાં વજ છે. તેમાં નારાયણ છે, પણ ઈન્દ્રને દેખાતા નથી.પણ પુષ્ટિ ભક્ત હોવાથી વૃત્રાસુરને પરમાત્મા દેખાય છે,તેથી પરમાત્માને હૃદયમાં અંગીકાર કરવા તે અધીરો થાય છે ને ઈન્દ્રને કહે છે, ઈન્દ્ર, તું જલદી વજ માર. ભલે તારી જીત થાય, પણ તારા કરતાં મારા ઉપર ભગવાનની કૃપા વિશેષ છે.જે જીવના ઉપર પરમેશ્વર વધારે કૃપા કરે છે, તેને લૌકિક સુખ વધારે આપતા નથી. લૌકિક સુખ મળે તો જીવ ઈશ્વર થી વિમુખ થાય છે. શ્રીકૃષ્ણનું સેવાસ્મરણ લૌકિક સુખ માટે કરશો નહીં. લૌકિક સુખમાં વિઘ્ન આવે તો સમજવું કે, અલૌકિક સુખનું દાન પ્રભુ મને આપવાના છે તેથી વિઘ્ન આવ્યું છે.જેના ઉપર અસાધારણ કૃપા હોય છે,તેને લૌકિક સુખ માટેનો પ્રયત્ન ભગવાન સફળ થવા દેતા નથી. જે જીવ ઉપર ભગવાન સાધારણ કૃપા કરે છે તેને ભગવાન લૌકિક સુખ આપે છે. આથી પુષ્ટ ભક્ત વૃત્રાસુર બોલ્યો છે,ઈન્દ્ર,તારી જીત થવાની છે. તને સ્વર્ગનું રાજ્ય મળવાનું છે,પણ હું તો મારા ઠાકોર જીના ધામમાં જઈશ કે,જ્યાંથી મારું પતન થવાનું નથી તારું સ્વર્ગમાં થી પતન થશે, પણ મારું પતન થવાનું નથી.ભલે મને લૌકિક સુખ ન મળે પણ હું ભગવાનના ધામમાં જઈશ. છેલ્લે વૃત્રાસુર શ્રીહરિની સ્તુતિ કરે છે.વૃત્રાસુરની સ્તુતિના વૈષ્ણવ ગ્રંથો એ ખૂબ વખાણ કરેલાં છે. સ્તુતિના ત્રીજા શ્લોકને ઘણા મહાત્માઓએ પોતાનો પ્રિય શ્લોક માન્યો છે.ઘણા મહાત્માઓ આ પ્રાર્થનાનું રટણ કરે છે. હે હરિ, હું તો તમારાં જ ચરણ કમળનો અનન્ય દાસાનુદાસ છું અને નવા જન્મે પણ એ જ હું એવી મારી પ્રાર્થના છે. મારું મન તમારા મંગલમય ગુણોનું સ્મરણ કરતું રહો, મારી વાણી આપના ગુણોનું જ ગાન કરો અને શરીર તમારી સેવામાં જ સંલગ્ન રહો. આપને છોડીને હે પ્રભુ!સ્વર્ગ, બ્રહ્મલોક, ભૂમંડળનું સામ્રાજ્ય રસાતળનું આધિપત્ય કે યોગની સિદ્ધિ અરે જન્મમરણના તમારા માં જ આવી ગયું! ફેરામાંથી મુક્તિની પણ મને ઈચ્છા નથી. મારે તો બધી રીતે પાંબો અણીઓની રાહ જુએ,અને વિયોગીની પત્ની પોતાના પ્રતિ મળવા પાંખો આવી ન હોય એવા પક્ષીઓનાં બચ્ચાં જેમ માતાની રાહ જુવે છે એવી રીતે હે કમલ નયન! મારું મન આપનાં દર્શન કરવા માટે તરફડિયાં મારી રહ્યું કે પ્રભો! હું મુક્તિ ઈચ્છતો નથી. મારા કર્મો નાં ફળ સ્વરૂપ મારે વારંવાર જન્મ મૃત્યુના ચક્કરમાં ભટકાવું પડે તેની મને પરવા નથી, પરંતુ જ્યાં જ્યાં જે જે યોનિમાં મારો જન્મ થાય ત્યાં તો ભગવાન ના લાડીલા પુણ્ય શ્લોક ભક્ત જનોનું મને સખ્ય મળી રહો! ભગવાન, હું ફક્ત એટલું ચાહું છું કે, જે લોકો તમારી માયાથી શરીર, ઘરમાં અને સ્ત્રીપુત્રાદિમાં આસક્ત થઈ રહ્યા છે. વાછરડાં જેવા તેવા સાથે મારો કોઈ પણ પ્રકારનો કોઈ દિવસ સંબંધ ન થાઓ! ભાવ શરણાગતિની કેવી અદ્ભુત પ્રાર્થના છે. જીવ જ્યારે દીન થાય અને પ્રભુને શર્ણ જાય છે ત્યારે પ્રભુ તેને અપનાવે છે. વૃત્રાસુરમાં કેટલું દૈત્ય છે! તે કહે છે, તે ભાગવત સેવા કરવા હું લાયક નથી. હું તો ભગવાનના દાસનો દાસ છું,ને દાસના દાસની સેવા કરીશ. હું તે ભગવાનની સેવા કરનાર વૈષ્ણવોની સેવા કરીશ. (દાસાનુદાસ) વૃત્રાસુર એક-એક ઈન્દ્રિયન પ્રભુ સમર્પિત કરે છે, ભક્તિરસનું દાન કરે છે. મારી વાણી શ્રીકૃષ્ણકીર્તન કરો, મારા કાન તમારી કથા સાંભળો વગેરે. ભક્તિવૈરાગ્ય વગર દઢ થતી નથી એટલે વૃત્રાસુરને ભક્તિ કરી ઈન્દ્રનું રાજ્ય લેવાની કે મોક્ષની અપેક્ષા નથી. વૃત્રાસુર કહે છે,મને સ્વર્ગનું તો શું બ્રહ્મલોકનું રાજ્ય પણ જોઈતું નથી.ભોગએ ભક્તિ માં બાધક છે.વૃત્રાસુર કહે છે, મને કોઈપણ પ્રકારની ઈચ્છા નથી. તમારી સેવા કરું છું તે ફક્ત તમારા માટે, કોઈ ભોગની કે કુળની આશાએ નહીં જ. આમ અપૂર્વ છે વૃત્રાસુરની શરણા ગતિ. જ્ઞાન-વૈરાગ્ય વધે એટલે સર્વ ભગવાનમય લાગે છે. હવે હુંપણું રહેતું નથી. જગતમાં ભગવાન જ છે. તે સિવાય બીજું કાંઈ નથી. 'હું' રહેતું નથી. હુંપણું ઈશ્વરમાં લીન થાય છે. શરણાગતિ વૈરાગ્ય વિના દઢ થતી નથી.લબાસુર કહે છે કે,પ્રભુ તમારાં દર્શન માટે મને આતુર બનાવો. પરમાત્મા પૂરો પ્રેમ માગે છે. ભગવાનનાં દર્શન માટે કેવી આતુરતા જોઈએ તે વૃત્રાસુર બતાવે છે. પંખીનાં બચ્ચાં જેવી, વાછરડાં કે જેવીને વિરહિણી પત્ની જેવી રોમ રોમથી બોલતી આતુરતા જોઈએ. જીવ પરમાત્મા ને પરિપૂર્ણ ! પ્રેમ આપતો નથી. એટલે જીવ ઈશ્વરને ગમતો નથી. જીવ પ્રેમ આપે છે સ્ત્રી પુત્રાદિકમાં. મને એક જ ઈચ્છા થાય છે તમારા દર્શન માટે હું આતુર બનું. છેલ્લે વૃત્રાસુરે સત્સંગની માગણી કરી છે. મને જો જન્મ મળવાનો હોય તો વૈષ્ણવના ઘરની ગાય થવા હું તૈયાર છું. મારું દૂધ પ્રભુના માટે વપરાય તે બસ.પશુ શરીરમાં પણ મને સત્સંગમાં ભગવાન મુક્તિ જલદી આપે છે, ભક્તિ જલદી આપતા નથી. ભગવાન ભક્તિ આપે,તો કોઈ વખત એમને ઘરે સેવક બનવું પડે છે. ભક્તિ સ્વતંત્ર પરમાત્માને પ્રેમનાં બંધનમાં પરતંત્ર-બનાવે છે. તેથી ભગવાન મુક્તિ આપે છે, પણ ભક્તિ આપતા નથી. પણ ભગવાન કૃપા કરે ત્યારે નાશવંત સંપત્તિ વગેરે આપતા નથી, પણ ભક્તિ આપે છે. ઈન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો.વૃત્રાસુર ના શરીરમાંથી નીકળેલું તેજ ભાગવત સ્વરૂપમાં લીન થયું. ભગવાને વૃત્રાસુરનો ઉદ્ધાર કર્યો. પરમ પુષ્ટિસીમાનું આ દૃષ્ટાંત છે. હવે પ્રશ્ન થાય છે કે, આવો ભક્ત વૃત્રાસુર રાક્ષસ યોનિમાં કેમ જન્મ્યો ?વૃત્રાસુરને શ્રીહરિમાં આટલી તીવ્ર ભક્તિ શાથી થઈ? એનો ખુલાસો કરતાં શુકદેવજી કહે છે, વૃત્રાસુર પૂર્વજન્મમાં ચિત્રકેતુ નામનો રાજા હતો. તેની રાણીનું નામ કૃતવૃતિ.તેને સંતાન ન હતું.અહીં શબ્દાર્થ નહીં, લક્ષ્યાર્થ લેવાનો છે.ચિત્રવિચિત્ર કલ્પનાઓ કરે તે ચિત્રકેતુ. આપણું મન ચિત્ર વિચિત્ર કલ્પનાઓ કરે છે. કૃતવૃતિ એ બુદ્ધિ છે.અનેક વિષયોનો મન વિચાર કરે છે, એમાં ચિત્ર કેતુનો જન્મ થાય છે. જગતમાં બહારનાં ચિત્રો જે મનમાં ઠસી ગયાં છે તે ભજનમાં વિઘ્ન કરે છે. ફરતાં ફરતાં અંગિરા ઋષિ એક દિવસ રાજાના ઘરે પધાર્યા.ચિત્રકેતુ રાજા એ અંગિરાઋષિ પાસે પુત્ર ની માગણી કરી.અંગિરા ઋષિ સમજાવે છે, પુત્રના માબાપ ને ક્યાં શાંતિ છે? તારે ત્યાં છોકરો નથી એ જ સારું છે.

### મલાઇકા અરોરા સાથેના બ્રેકઅપને કારણે પણ અર્જુન કપૂર હમણા ઘણો ચર્ચામાં છે

# છેલ્લા પાંચ વર્ષ મારા માટે બહુ મુશ્કેલ રહ્યા છે : અર્જુન કપૂર

અર્જુન કપૂર છેલ્લે તેણે 'સિંઘમ અગેઇન'માં ભજવેલો રાવણનો રોલ અને મલાઈકા અરોરા સાથેના બ્રેકઅપને કારણે હમણા ઘણો ચર્ચામાં છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં અર્જુને કહ્યું કે તેને લાગે છે કે દુનિયામાં હજુ પ્રેમ છે. અર્જુને આ ઈન્ટરવ્યૂમાં એવું પણ કહ્યું કે છેલ્લા પાંચ વર્ષ તેના માટે ઘણા મુશ્કેલ રહ્યાં છે. તેણે એમ પણ કહ્યું કે તેણે તેના વખાણ થાય અને તેને દર્શકોનો પ્રેમ મળે તેના માટે લાંબા સમય સુધી ધીરજપૂર્વક રાહ જોઈ છે. હકારાત્મકતા અને ખરા પ્રેમ વિશે વાત કરતા અર્જુને કહ્યું, ''મેં દર્શકોનો પ્રેમ અને સરાહના મળે તેના માટે ઘણા લાંબા સમય સુધી ધીરજપૂર્વક અને માનપૂર્વક રાહ જોઈ છે. મને લાગે છે કે મારુ ડેબ્યુ થયું ત્યારે મને એટલો પ્રેમ મળ્યો કે પછી હંમેશા હું એ પ્રેમને ઝંખતો રહ્યો છું. હું દરરોજ એક એક પગલું આગળ વધું છું, પછી તે ઈન્ટરવ્યૂ હોય તે પછી લોકો મને મારા કોઈ પાત્રના નામથી બોલાવતા હોય, તમને લાગે છે કે તમારી મહેનતની નોંધ લેવાઈ. તેથી આ તબક્કામાં મને ખરેખર મજા આવી રહી છે. તેમાં ઘણી હકારાત્મકતા અને ઊર્જા, ઉત્સાહ અને ખરો પ્રેમ છે. છતાં તમારે નવી તકો માટે મહેનત કરવી પડશે અને એ તકોને જવાબદારીપૂર્વક પસંદ કરવી પડશે.''અર્જુને એ પણ વાત કરી કે લોકો તેનો ઉત્સાહ વધારવા માગે છે. તેણે કહ્યું, ''મને એવું પણ લાગ્યું છે કે મારા માટે દુનિયામાં પ્રેમ છે. એવા લોકો છે જે મારો ઉત્સાહ વધારવા માગે છે અને મને ટેકો આપવા માગે છે. આ સંદર્ભે હું ટિકિટ ખર્ચીને મારા માટે આવતા દર્શકો, ઈન્ડસ્ટ્રી અને મીડિયાની વાત કરું છું. એ સંદર્ભે ખરાબી પર સારાઈનો વિજય થાય તેમાંથી જ શુભેચ્છાઓ અને ઉત્સાહનો જન્મ થાય છે. અંતે પૂરતાં સારા લોકો હશે અને દુનિયામાં પુરતી સારપ હશે જે તમારી સાથે હશે. છેલ્લાં થોડા વર્ષો અને એમાં પણ ખાસ તો છેલ્લા પાંચ વર્ષ મારા માટે કપરાં રહ્યાં છે.''



### પોતાનો રોલ વેડફાઇ ગયો હોવાનું લાગતા 'પુષ્પા ૩'માં કામ નહીં કરે

# અભિનેતા ફહાદ ફાસિલ અલ્લુ અર્જુનની 'પુષ્પા-૨' ફિલ્મથી નિઃરાશ થયો

હોલીવુડની આગામી ફિલ્મ '૨૮ યર્સ લેટર'નું ટ્રેલર મંગળવારે રિલીઝ કરવામાં આવ્યું છે. જોડી કોમર, એરોન ટેલર-જોન્સન, જેક ઓ'કોનેલ અને આલ્ફી વિલિયમ્સ અભિનીત ફિલ્મના ટ્રેલરની ચર્ચા દરેક જગ્યાએ થઈ રહી છે, પરંતુ ટ્રેલરના એક દ્રશ્યે દર્શકોમાં હલચલ મચાવી દીધી છે. આ ટ્રેલરે લોકોને વિશ્વાસ અપાવ્યો છે કે ઓસ્કાર એવોર્ડ વિજેતા અભિનેતા કિલિયન મર્ફી ત્રીજા હપ્તા સાથે દર્શકો સમક્ષ પરત ફરી રહ્યા છે. કિલિયન મર્ફી તેના જબરદસ્ત અભિનય તેમજ તેના ટ્રાંસફોર્મેશન માટે પ્રખ્યાત છે અને હવે તેણે ફરી એકવાર તેના ટ્રાંસફોર્મેશનથી ચાહકોને ઉડાવી દીધા છે.ઓસ્કર વિજેતા દિગ્દર્શક ડેની બોયલની '૨૮ યર્સ લેટર' ૨૦૦૨માં રિલીઝ થયેલી '૨૮ ડેઝ લેટર' ફ્રેન્ચાઈઝીનો એક ભાગ છે, જેમાં કિલિયનએ જિમ નામના વ્યક્તિની ભૂમિકા ભજવી હતી. હવે, કિલિયન મર્ફીની એક ઝલક ફિલ્મના ત્રીજા હપ્તાના ટ્રેલરમાં પણ જોવા મળી હતી, એટલે કે ૨૮ યર્સ લેટર , પરંતુ એક ઝોમ્બીના રૂપમાં. ફિલ્મના ટ્રેલરમાં જોવા મળેલી કિલિયનની ઝલક મનને ઉડાવી દે તેવી છે.આ ટ્રેલરમાં કિલિયન મર્ફી જીવંત હાડપિંજર જેવો દેખાય છે. સંપૂર્ણપણે સુકાઈ ગયેલું શરીર, જેમાં તેના દરેક હાડકા સ્પષ્ટ દેખાય છે. કિલિયન મર્ફીનું આ ટ્રાંસફોર્મેશન અને દેખાવ ચાહકોને આશ્ચર્યચકિત કરવા અને રોમાંચિત કરવા માટે પૂરતું છે. અભિનેતાના આ લુકને જોયા પછી ચાહકોને તેમની આંખો પર વિશ્વાસ કરવો મુશ્કેલ થઈ રહ્યો છે. એક્ટરનો આ લુક જોયા બાદ બધાની આંખો ખુલ્લી રહી ગઈ હતી.દરેક વ્યક્તિ જાણે છે કે કિલિયન મર્ફી તેના પાત્રોમાં જીવંતતા લાવવાના તમામ પ્રયાસો કરે છે અને તેના આહારનું સંપૂર્ણ ધ્યાન રાખે છે. તાજેતરમાં, માર્ક મેરોનના પોડકાસ્ટ પર વાતચીત દરમિયાન, તેણે તેના તાજેતરના આહાર વિશે વાત કરી અને કહ્યું કે આ દિવસોમાં તે વીગન બનવાનો પ્રયાસ કરી રહ્યો છે. તે મોટે ભાગે છોડ આધારિત ખોરાક ખાય છે. તેણે પોતાની ફિલ્મ 'ઓપનહેઈમર' માટે પણ આ જ રીતે વજન ઘટાડ્યું હતું. એક્ટર વીગન બનતા પહેલા ૧૫ વર્ષ સુધી શાકાહારી હતો.૨૮ યર્સ લેટર ની વાત કરીએ તો, ડેની બોયલ દ્વારા નિર્દેશિત આ ફિલ્મ ૨૦ જૂન, ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. ત્રીજા ભાગની વાર્તા વાયરસની વિનાશક અસરો વિશે છે, જે વાર્તાને આગળ લઈ જશે.





# સલમાન ખાને પોતાની માતાને ખાસ અંદાજમાં જન્મદિવસની શુભેચ્છા પાઠવી




બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાને તેની માતા 'સલમા'ને તેના ખાસ દિવસે જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. ભાઈજાનની સ્પેશિયલ સ્ટાઈલએ માત્ર તેની માતાનું જ નહીં પરંતુ દરેકનું દિલ જીતી લીધું છે. ખાન પરિવારે મુંબઈમાં અર્પિતા ખાનની નવી શરૂ થયેલી રેસ્ટોરન્ટમાં સલમાનો જન્મદિવસ ધામધૂમથી ઉજવ્યો. આ ખુશીના અવસર પર પરિવાર અને મિત્રોએ હાસ્ય, સંગીત અને યાદગાર ક્ષણોનો આનંદ માણ્યો હતો.મંગળવારે મધ્યરાત્રિએ, સલમાન ખાને તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ પર જન્મદિવસની પાર્ટીમાંથી તેની માતાનો એક વીડિયો પોસ્ટ કર્યો અને વીડિયોમાં સલમાન ખાનનો ભાઈ-એક્ટર સોહેલ ખાન માતા સલમા સાથે ડાન્સ કરતો જોઈ શકાય છે. ત્યાં હાજર લોકો તેના ડાન્સની મજા માણી રહ્યા છે.સલમાન ખાનની આ સુંદર પોસ્ટ પર સેલેબ્સ અને ફેન્સે ઘણો પ્રેમ વરસાવ્યો છે. સાથે જ સલમાને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. વરુણ ધવન, બોબી દેઓલ, સિદ્ધાર્થ મલ્હોત્રા, ગૌહર ખાન સહિત ઘણા સેલેબ્સ અભિનંદન અને પ્રેમ વરસાવનારાઓની યાદીમાં સામેલ છે. એક ચાહકે લખ્યું છે કે, 'હેપ્પી બર્થડે માતાજી, તમારા દ્વારા આપવામાં આવેલા મૂલ્યોને કારણે, સુપરસ્ટાર સલમાન ખાન સર આજે સૌથી મોટા સુપરસ્ટાર્સમાંથી એક છે. બહુ ગર્વની વાત છે.ફિટનેસ કોચ ડીન પાંડે સલમાન ખાનના નજીકના પારિવારિક મિત્ર છે. એક દિવસ પહેલા તેમણે સલમાનની પાર્ટીની ઝલક બતાવી હતી. તેણીએ તેની પુત્રીઓ અર્પિતા ખાન અને અલવીરા ખાન અગ્નિહોત્રી સહિત તેના બાળકો દ્વારા ઘેરાયેલી કેક કાપતી સલમાન ખાનની માતા તસવીર શેર કરી હતી.

### એકલતા દૂર કરવા પાર્ટનરની જરૂર

# EX હસબન્ડના લગ્નથી દુઃખી છે જાણીતી અભિનેત્રીઃ સામંથા પ્રભુ



સાઉથ બ્યુટી સામંથા રૂથ પ્રભુના છેલ્લા કેટલાક વર્ષો ખૂબ જ પીડાદાયક રહ્યા છે. પહેલા તેણે અભિનેતા નાગા ચૈતન્યથી છૂટાછેડા લીધા, પછી તે માયોસિટિસ નામની બીમારીથી પીડિત થઈ. હવે નાગા ચૈતન્યએ પ્રખ્યાત અભિનેત્રી શોભિતા ધુલીપાલા સાથે બીજી વાર લગ્ન કર્યા છે. આ દરમિયાન સામંથાએ સોશિયલ મીડિયા દ્વારા એક રહસ્યમય પોસ્ટ શેર કરી છે જે ઝડપથી વાયરલ થઈ રહી છે.સિટાડેલ હની બન્ની સ્ટારે થોડા દિવસો પહેલા જ તેના પિતાને ગુમાવ્યા હતા. આ પછી તરત જ તેના પૂર્વ પતિ નાગા ચૈતન્યએ તેની ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કર્યા. તેમ છતાં, અભિનેત્રી સોશિયલ મીડિયા દ્વારા સતત પોઝિટિવિટી પોસ્ટ કરી રહી છે. સામંથા રુથ પ્રભુએ તાજેતરમાં તેની સોશિયલ મીડિયા સ્ટોરીમાં આગામી વર્ષ માટે વૃષભ, કન્યા અને મકર રાશિ માટે આગાહી કરતી એક પોસ્ટ શેર કરી છે. આ લિસ્ટ મુજબ ૨૦૨૫માં આ રાશિના લોકોના જીવનમાં થોડું વ્યસ્ત ટાઈમટેબલ, કાર્યમાં પ્રગતિ, નાણાકીય સ્થિરતા, વફાદાર અને પ્રેમાળ સાથી, મોટા ધ્યેયો પૂરા થશે, શિફ્ટ થવાની તક, પૈસા કમાવવાની બહુવિધ રીતો અને બાળકોની ક્ષમતાનો સમાવેશ થાય છે.આ પોસ્ટ શેર કરતી વખતે, ફેમિલી મેન ૨ ફેમ સ્ટારે લખ્યું છે **'AMEN'** જેનો અર્થ એ છે કે તે પણ તેના જીવનમાં આ બધી વસ્તુઓ મેળવવા માંગે છે. તેને એક વફાદાર સાથી જોઈએ છે. નાગા ચૈતન્યના બીજા લગ્ન પછી તરત જ સામંથાની આવી પોસ્ટ ફેન્સનું ઘણું ધ્યાન ખેંચી રહી છે. સામંથાએ સોશિયલ મીડિયા દ્વારા એક રહસ્યમય પોસ્ટ શેર કરી છે જે ઝડપથી વાયરલ થઈ રહી છે, થોડા દિવસો પહેલા, સામંથાએ તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર વર્ષ ૨૦૨૪ની ઝલક દર્શાવતી એક પોસ્ટ શેર કરી હતી જેની ખૂબ ચર્ચા થઈ હતી. જેમાં અભિનેત્રીએ લખ્યું હતું કે, 'કેવી રીતે વર્ષ ૨૦૨૪ ઘણા પડકારો લઈને આવ્યું પરંતુ કોઈક રીતે અમે તેને પાર કરી શક્યા અને તેમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા, પરંતુ અમે તેને એક ચમકતા તારાની જેમ પાર કર્યો.'

# ટાઈગર શ્રોફની ફિલ્મ 'બાગી ૪'માં પંજાબી અભિનેત્રી સોનમની એન્ટ્રી

### બાગી ધમાકેદાર એક્શન માટે પ્રખ્યાત છે, તેની શરૂઆત ૨૦૧૬માં ટાઈગર શ્રોફ અને શ્રદ્ધા કપૂર સાથે થઈ હતી

ટાઈગર શ્રોફની 'બાગી ૪' આવતા વર્ષે સપ્ટેમ્બરમાં રિલીઝ થશે, મેકર્સે તેનું પોસ્ટર શેર કરીને હલચલ મચાવી છે. બાગી ૪ના આ પોસ્ટરમાં ટાઈગરનો એક અલગ જ એક્શન અવતાર જોવા મળી રહ્યો છે. તે પછી, નિર્માતાઓએ સંજય દત્તનો લૂક પણ જાહેર કર્યો જેણે દર્શકોની ઉત્તેજના વધુ વધારી દીધી છે. આ ફિલ્મમાં સંજય દત્ત વિલનની ભૂમિકા ભજવશે અને આ લુકમાં તે ખરેખર ખતરનાક લાગી રહ્યો છે. તે પછી, દર્શકોની ઉત્તેજના જાળવી રાખવા માટે, આજે નિર્માતાઓએ તેની ફીમેલ લીડ પરથી પડદો પણ હટાવ્યો અને હવે તેમાં એક પંજાબી અભિનેત્રીની એન્ટ્રી થઈ છે.બાગી ૪માં જોવા મળશે આ અભિનેત્રીઃ બાગી ૪માં જે અભિનેત્રી જોવા મળશે તે બીજું કોઈ નહીં પણ સોનમ બાજવા છે જેણે બોલિવૂડમાં ધૂમ મચાવી છે. સુંદર પંજાબી સુંદરી એક્શનથી ભરપૂર બાગી૪ માં જોડાવા માટે તૈયાર છે, તે મોસ્ટ અવેઈટેડ બાગી ૪ માં ટાઈગર શ્રોફની સામે મુખ્ય હિરોઈન બનવા જઈ રહી છે. આ રીતે મેકર્સે દર્શકોને જબરદસ્ત સરપ્રાઈઝ આપ્યું છે. ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરતી વખતે સોનમે લખ્યું, 'મારી પ્રથમ હિન્દી ફિલ્મ હાઉસફુલ ૫ નું શૂટિંગ લગભગ પૂરું થઈ ગયું છે, બાગી ધમાકેદાર એક્શન માટે પ્રખ્યાત છે, તેની શરૂઆત ૨૦૧૬માં ટાઈગર શ્રોફ અને શ્રદ્ધા કપૂર સાથે થઈ હતી મને એ જાહેરાત કરતાં ખૂબ જ ગર્વ થાય છે કે હું સાજિદ સર અને તેમની ટીમ સાથે મારી સફર ચાલુ રાખીશ કારણ કે હું છું તેમની સાથે મારી બીજી હિન્દી ફિલ્મ બાગી ૪નું શૂટિંગ શરૂ કરી રહી છું. હું બાગી ૪ નો ભાગ બનવા માટે ખૂબ જ ઉત્સાહિત છું અને ટાઈગર શ્રોફ અને સંજય દત્ત સર અને સમગ્ર ટીમ સાથે કામ કરવા માટે આતુર છું, હું આનાથી વધુ આશીર્વાદ અને આભારી ન હોઈ શકું. હું હંમેશા મારા ચાહકો, પ્રેક્ષકો અને શુભેચ્છકોનું ફિલ્મોમાં મનોરંજન કરવા માટે ઉત્સુક છું.ટાઈગરે સોનમનું કર્યું સ્વાગતઃ ટાઈગર શ્રોફે પણ ઈન્સ્ટાગ્રામ પર બાગી ૪માં સોનમનું સત્તાવાર સ્વાગત કર્યું, તસવીર શેર કરી અને લખ્યું, 'રિબેલ પરિવારના નવા સભ્ય તરીકે, સોનમ બાજવાનું સ્વાગત છે, સાજીદ નડિયાદવાલાની બાગી ૪માં સ્વાગત કરવા માટે ઉત્સાહિત છું'.બાગી ધમાકેદાર એક્શન માટે પ્રખ્યાત છે, તેની શરૂઆત ૨૦૧૬માં ટાઈગર શ્રોફ અને શ્રદ્ધા કપૂર સાથે થઈ હતી. આ સિરીઝની બે સફળ સિક્વલ બની છે, અને હવે એ. હર્ષના નિર્દેશનમાં, બાગી ૪ નવી ઊંચાઈઓ પર એક્શન લેવા માટે તૈયાર છે.



# કરીના કપૂર માટે 'સિંઘમ અગેઇન' કરતાં 'લાલ સિંઘ ચઢ્ઢા'નું મહત્વ વધારે

### આ ફિલ્મમાં માટે દરેકે પોતાનું શ્રેષ્ઠ પ્રદાન આપ્યું હતું, અમને એવું નહોતું કે આ ફિલ્મ ૫૦૦ કરોડ પણ નહી કમાય : કરીના

કરીના કપૂરે તાજેતરમાં એક એક્ટર્સ રાઉન્ડ ટેબલ ચર્ચામાં ભાગ લીધો હતો, જેમાં તેની સાથે વિકી કૌશલ, શબાના આઝમી, રાજકુમાર રાવ અને અન્ના બેન સહિતના કલાકારો હતા. આ ચર્ચા વખતે કરીનાએ 'લાલ સિંઘ ચઢ્ઢા'માં પોતાના રોલને 'સિંઘમ અગેઈન' કરતાં વધારે મહત્ત્વનો ગણાવ્યો હતો. ફિલ્મ ફલોપ ગયા પછી આમિર પર અસર અંગે કરીનાએ કહ્યું, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર પીટાઈ જવાથી આમિર ખાન પર તેની ઘણી ઊંડી અસર થઈ હતી. ફિલ્મ ન ચાલી પછી કરીના આમિર ખાન અને ફિલ્મના ડિરેક્ટર અદ્વૈત ચૌહાણને મળવા ગઈ હતી. તે અંગે કરીનાના પ્રશ્ન પૂછાયો હતો. આ અંગે તેણે કહ્યું, આ ફિલ્મ તેમણે બનાવી તેના માટે તેને સૌથી વધુ માન છે. આ ફિલ્મને કરીનાએ સુંદર અને સૌથી ઈમાનદાર ફિલ્મ ગણાવી હતી. જ્યારે આ ફિલ્મ બાબતે આમિરના વખાણ કરતા કરીનાએ કહ્યું આમિર સ્ટોલવર્ટ અને લિજેન્ડ છે. પરંતુ આ ફિલ્મ ન ચાલી તેથી તે પડી ભાંગ્યો હતો. કરીનાએ આ વખત અંગે આમિર સાથેની મુલાકાત યાદ કરતા કરીનાએ કહ્યું, ''આપણી ફિલ્મ તો ન ચાલી, તો તું મારી સાથે વાત તો કરીશ ને?'' જ્યારે કરીના તો આ ફિલ્મમાં તેને રોલ મળ્યો તે માટે આજે પણ આમિરની આભારી હોવાનું માને છે. કરીનાએ કહ્યું, ''મારા માટે રૂપાએ જે કર્યુ છે એ સિંઘમથી વધારે છે.'' શબાનાએ આ અંગે વધુ વિગતે વાત કરવા કહ્યું તો કરીએ જવાબ આપ્યો હતો, ''રૂપાનું પાત્ર અદ્વૈતે બહુ સુંદર રીતે લખ્યું હતું. જેમાં તેને રોલમાં ઊંડા ઉતરવાની તક મળી હતી. અન્ય સફળ કમર્શીયલ ફિલ્મો કરતા આ ફિલ્મ બિલકુલ દિલથી બનાવવામાં આવી હતી. આ ફિલ્મમાં માટે દરેકે પોતાનું શ્રેષ્ઠ પ્રદાન આપ્યું હતું. અમને એવું નહોતું કે આ ફિલ્મ ૫૦૦ કરોડ પણ નહી કમાય.'' કરીનાએ આ ફિલ્મ સાથે જોડાયેલો અન્ય એક કિસ્સો પણ શેર કર્યો હતો. તેણે જણાવ્યું, ફિલ્મનું કામ ૬૦ ટકા પત્યું હતું, ત્યારે તેને ખ્યાલ આવ્યો કે તે બીજી વખત પ્રગનન્ટ હતી. તેથી સૈફે તેને આમિર સાથે આ અંગે વાત કરવા કહ્યું. ત્યારે આમિરના પ્રતિસાદથી કરીના ભાવુક થઈ ગઈ હતી. તેણે વિશ્વાસ અપાવ્યો હતો કે,''હું તારા માટે બહુ ખુશ છું. અમે તારી રાહ જોઈશું અને આપણે સાથે જ ફિલ્મ પુરી કરીશું. તેનાથી મને અહેસાસ થયો કે મારી આસપાસ એવા લોકો પણ છે જેને મારું ખરું મૂલ્ય ખબર છે અને મારા નિર્ણયોનું માન જાળવે છે.''



# વલસાડ જિલ્લા કક્ષાના બે દિવસીય બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનની ડીસીઓ સાર્વજનિક હાઈસ્કુલ ખાતે શરૂઆત



। (માહિતી) સુરત, તા.૧૨ ।

કપરાડા ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરી અને ધરમપુર ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા 'ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી' મુખ્ય વિષય પર આધારિત જિલ્લા કક્ષાના બે દિવસીય બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનને વલસાડ જિલ્લાના પારડી તાલુકાની ડીસીઓ સાર્વજનિક હાઈસ્કુલ ખાતે કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરી અને ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનની વિશેષ બાબતમાં રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ વિવિધ ક્ષેત્રે જિલ્લાનું ગૌરવ વધારનાર બાળકો અને શિક્ષકોને સન્માન આપી બિરદાવવામાં આવ્યા હતા. ધારાસભ્યશ્રીઓએ પ્રદર્શનની મુલાકાત લઈ કૃતિઓ નિહાળી હતી. જિલ્લા કક્ષાએ પસંદગી પામેલી પ્રાથમિક કક્ષાની ૬૦ અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાની ૬૦ વૈજ્ઞાનિક કૃતિઓ મળી કુલ ૧૨૦ શ્રેષ્ઠ કૃતિઓ પ્રદર્શનમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. પ્રદર્શનની શરૂઆત કરતા વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારી ડો. રાજેશ્રી ટંડેલે પ્રદર્શનના હેતુની સ્પષ્ટતા સાથે સૌને આવકાર્યા હતા. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડી બી વસાવા, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અર્જુનભાઈ પટેલ, બાની ઘોષ (વેલસ્પન વર્લ્ડ), જીલ્લા પ્રા. શિક્ષક સંઘ મહામંત્રી રાજેશભાઈ, ડીસીઓ હાઈસ્કુલના ટ્રસ્ટી અને પ્રમુખ હેમંતભાઈ દેસાઈ, તાલુકા પ્રા.શિ.સંઘ પ્રમુખ ભરતભાઈ, તાલુકા રાષ્ટ્રિય શૈક્ષિક સંઘ પ્રમુખ શૈલેષભાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ધરમપુર ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલે ડીસીઓ સાર્વજનિક હાઈસ્કુલની યજમાની કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા સાથે શાળાને જરૂરી સહયોગ માટે ખાતરી આપી હતી તેમજ પ્રદર્શનના સૌ આયોજકોને બિરદાવ્યા હતા.

કપરાડા ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીએ સામાન્ય જીવનમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની આવશ્યકતા તેમજ ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજીના ફાળાને સમજાવતું ઉદબોધન કર્યું હતું. ધારાસભ્યશ્રીઓએ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને બિરદાવ્યા હતા સાથે સાથે પોતાના વિચારમાં આરોગ્ય, ખેતી દરેક જગ્યાએ વિજ્ઞાન જરૂરી હોવાનું સૂચવ્યું હતું. ડીસીઓ સાર્વજનિક હાઈસ્કુલના આચાર્ય સુનિલભાઈ પટેલે આભારવિધિ કરી દરેકનો આભાર માન્યો હતો. તેમણે પ્રદર્શનના વિભાગનું પ્રાધાન્ય સમજાવ્યું હતું. તેમણે રજૂ થયેલી કૃતિમાંથી બાળકો સાચી સમજ મેળવે અને સફળ ભવિષ્યનું વિચારે એવો આશય દર્શાવ્યો હતો.




તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

કડાણા તાલુકાની મુનપુર યુ.એચ.ભટ્ટ મેમોરિયલ હાઈસ્કૂલની પ્રતિભાશાળી વિદ્યાર્થીની વિભાબેન વિઠ્ઠલભાઈ પટેલે તારીખ ૭/૧૨/૨૦૨૪ શનિવારના રોજ રાજકોટ ખાતે યોજાયેલી યુવા ઉત્સવ ૨૦૨૪ ની રાજ્યકક્ષાની નિબંધ સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાતમાં શાળાનું નામ રોશન કર્યું છે. શાળા કક્ષાએ પ્રથમ પ્રદેશ કક્ષાએ દ્વિતીય અને રાજ્ય કક્ષાએ તૃતીય નંબર પ્રાપ્ત કરેલ છે. તેઓની આ સફળતા માર્ગદર્શક શિક્ષકોના અદભુત માર્ગદર્શન અને પ્રેરણાને આભારી છે. વિભાબેને ગામનું, સમાજનું અને શાળાનું ગૌરવ વધારેલ છે.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો 'શ્રમેવ જયતે' અભિગમ : રાજ્યના પ્રથમ 'શ્રમિક સુવિધા કેન્દ્ર'નું લોકાર્પણ કર્યું





। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પ્રથમ શ્રમિક સુવિધા કેન્દ્રનું અમદાવાદમાં લોકાર્પણ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'શ્રમેવ જયતે' મંત્રને ચરિતાર્થ કર્યો છે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વની સરકારના બે વર્ષની ઉજવણી નિમિત્તે અમદાવાદમાં શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કરીને રાજ્યના શ્રમિકોને આગવી ભેટ સરકારે આપી છે.

કડિયાનાકે રોજગાર અને કોન્ટ્રાક્ટચ્યુલ લેબર વર્ક માટે એકઠા થતા શ્રમિકો માટે આ સુવિધા કેન્દ્ર ભોજન અને રિફ્રેશમેન્ટ માટેનું આગવું સ્થળ બની રહેશે. અમદાવાદમાં કુલ ૧૧ સહિત રાજ્યભરમાં આવા શ્રમિક સુવિધા કેન્દ્રો બનાવવાની રાજ્ય સરકારની નેમ છે. શ્રમિક સુવિધા કેન્દ્રમાં બેસીને જમવા માટેના ઓટલા, વોશરૂમ સહિતની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે. માત્ર એટલું જ નહીં, લેબર કોન્ટ્રાક્ટર્સ અહી આવીને જરૂરિયાત મુજબના શ્રમિકોને શોધી - મળી શકે છે, સાથે-સાથે શ્રમિકોને તેનું મહેનતાણું આપી શકે તે માટે પણ આ કેન્દ્રનો ઉપયોગ થઈ શકશે. કડિયાના- કે જાહેર માર્ગ પર ઉભા રહેવાને બદલે હવે આ શ્રમિક સુવિધા કેન્દ્રમાં બેસીને શ્રમિકો ટાઢ તાપ કે વરસાદથી રક્ષણ મેળવશે. મુખ્યમંત્રીશ્રીએ શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કર્યું તે સ્થળે અમદાવાદનું ૯૯મું અને રાજ્યનું ૨૯૧ મું શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ આ તકે શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રમાં જઈને શ્રમિકોને ભોજન પીરસ્યું હતું.

રાજ્યભરમાં હજુ વધુ ૯૯ શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્ર બનાવવાનો રાજ્ય સરકારનો લક્ષ્યાંક છે.

શ્રમિકોને રાહત દરે ભોજન, ચા, અને હવે રિફ્રેશમેન્ટ, આરામ કરવા અને એકઠા થવા માટેનું સુવિધાજનક સ્થળ મળતા રાજ્યમાં શ્રમને સન્માન આપવાની પરિપાટી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં વધુ સુદ્રઢ થઈ છે. અમદાવાદ ખાતેના કાર્યક્રમમાં અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, અમદાવાદ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ.થેન્નારસન, વિસ્તારના ધારાસભ્યશ્રી પાયલ કુકરાણી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીશ્રીઓ, પોલીસ કર્મીઓ તેમજ શ્રમિકો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધોળકાની ઈંગોલી પ્રાથમિક શાળામાં 'પ્રકૃતિ શિક્ષણ માર્ગદર્શન સેમિનાર' યોજાયો



। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।

ધોળકા તાલુકાની ઈંગોલી પ્રાથમિક શાળામાં ગીર ફાઉન્ડેશન દ્વારા 'પ્રકૃતિ શિક્ષણ માર્ગદર્શન સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. 'પ્રકૃતિ શિક્ષણ માર્ગદર્શન સેમિનાર' અંતર્ગત વિદ્યાર્થીઓને પર્યાવરણનું રક્ષણ ન કરવાથી ઊભી થયેલી હાનિકારક અસરો, તેમાંથી બચવાના વિવિધ ઉપાયો, ઈકોબ્રિક્સ કઈ રીતે બનાવી તેમજ ઈકોબ્રિક્સનો ઉપયોગ, પ્લાસ્ટિકના નિકાલ માટેની વિવિધ પદ્ધતિઓ, આહારકડી મુજબ પ્રાણીઓ અને પક્ષીઓની વિવિધ પ્રજાતિઓનું પર્યાવરણના રક્ષણમાં યોગદાન સહિતના વિષયો પ્રત્યે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત, પર્યાવરણ સંરક્ષણ, પર્યાવરણ જાગૃતિ અને પર્યાવરણ જતન માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ફરજો વિશે પણ સેમિનારમાં સમજ આપવામાં આવી હતી. શાળા પરિવાર તરફથી ગીર ફાઉન્ડેશન અને પ્રોગ્રામ કો-ઓર્ડીનેટરશ્રીનો આભાર માનવામાં આવ્યો હતો. ગીર ફાઉન્ડેશનના પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર શ્રી મોહમ્મદભાઈ પરમાર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને વિવિધ વિષયો અંગે તલસ્પર્શી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શાળાના આચાર્યશ્રી ધર્માંશુ પ્રજાપતિ દ્વારા તજજ્ઞશ્રીનો પરિચય આપીને શાબ્દિક સ્વાગત કરીને તજજ્ઞશ્રીને આવકારવામાં આવ્યા હતા.

### ડાંગ જિલ્લાના વઘઇ ખાતે શારીરિક વ્યાયામ કેન્દ્રનો પ્રારંભ કરાયો

# વિધાનસભા નાયબ દંડક વિજય પટેલે વઘઇમાં શારીરિક વ્યાયામ કેન્દ્ર (જીમ)ને ખુલ્લું મુક્યું



। (માહિતી) ડાંગ, તા.૧૨ ।

આજરોજ વિધાનસભા નાયબ દંડકશ્રી વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલના હસ્તે વઘઈ ખાતે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સહયોગથી શ્રી વઘઈ પરિસરીય પ્રવાસન વિકાસ સહકારી મંડળી લી.વઘઈ દ્વારા સંચાલિત શારીરિક વ્યાયામ કેન્દ્રને ખુલ્લું મુકાયું હતું. વઘઈ એ.પી.એમ.સી માર્કેટ ખાતે આજરોજ ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે શારીરિક વ્યાયામ કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું હતું. શારીરિક રિતના યુવાઓ અને લોકો ફિટ રહે તે માટે વઘઈમાં વ્યાયામ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, માણસની માનસિક અને શારીરિક તંદુરસ્તી હોવી ખુબ જ જરૂરી છે. કસરતોના આદતથી માનવી સાહસિક, આંનદપ્રદ અને ઉર્જાવાન અનુભવે છે. આજના યુવાઓ માનસિક અને શારીરિક તંદુરસ્તી તરફ પ્રેરાય અને વ્યશની દુર રહે તે માટે શ્રી વિજયભાઈ ખાસ ભાર મુક્યો હતો. આજનો યુવાધન વ્યશનના કારણે પોતાની દિશા બદલી રહ્યો છે. ત્યારે યુવાઓમાં વ્યસન મુક્તી અને વ્યશન થી માનસિક તણાવો દુર કરવા શારીરિક વ્યાયામો ખુબ જ ઉપયોગી સાબીત થશે તેમ શ્રી વિજયભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું. તેમજ યુવાઓ અને ગામના લોકોને શારીરિક વ્યાયામ કેન્દ્રનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે વઘઈ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી ચંદરભાઈ ગાવિત, વઘઈ ગામના અગ્રણીઓ, પદાધિકારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# ચીખલી તાલુકાની કેમિકલ કંપનીમાં ગેસ લીકેજ અંગે ઓફ સાઈટ ઇમરજન્સી મોકડ્રીલ યોજાઇ

### રિસ્પોન્સ ટાઈમમાં હાજર થઈ સરકારી અને કંપનીની એજન્સીઓએ બચાવ અને રાહતની કામગીરી નિભાવી



। (માહિતી) સુરત, તા.૧૨ ।

નવસારી ડિસ્ટ્રિક્ટ ક્રાઈસીસ ગ્રુપ અને વિન્ડસન કેમિકલ પ્રા. લિ. ના સંયુક્ત ઉપક્રમે ચીખલી તાલુકાના આલીપોર સ્થિત કંપનીના પરિસરમાં મિથેનોલ કેમિકલ લીકેજ અંગે ઓફ સાઈટ ઈમરજન્સી મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરૂવારે સવારે વિન્ડસન કેમિકલ કંપનીના એક ટેન્કરમાંથી અંદાજે દસ હજાર લિટર મિથેનોલ કેમિકલ એક્સપ્લોડ થવાની દુર્ઘટના સર્જાઈ હતી. સાયરન વાગવાની સાથે જ કંપનીના કંટ્રોલ રૂમે ડિઝાસ્ટર કંટ્રોલ રૂમને કોલ કરીને ઓફ સાઈટ ઈમરજન્સી જાહેર કરી હતી. ફેક્ટરીના પરિસરમાં ઊભેલા એક ટેન્કરમાં થી કેમિકલ એક્સપ્લોડ થતા જ કંપનીની એજન્સીઓએ દુર્ઘટના પર કાબૂ મેળવવા સઘન અને તાત્કાલિક પ્રયત્નો શરૂ કરી દીધા હતા. ત્યારબાદ સરકારી એજન્સીઓ પણ બચાવ અને રાહતની કામગીરીમાં જોતરાઈ હતી. દુર્ઘટના વેળા સ્થળ પર ઉપસ્થિત એક ઓપરેટર ગેસ લિકેજના રિએક્શનના કારણે બેભાન થઈ ગયા હતા. અન્ય ત્રણ વ્યક્તિઓને પણ ઈજા થતા આ તમામનું ગણતરીની ક્ષણોમાં રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. ચાર પૈકી બે વ્યક્તિઓને સામાન્ય ઈજા થતા જ સ્થળ પર પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. અકસ્માતની ગંભીરતાને ધ્યાનમાં લઈને પોલીસ દ્વારા જરૂરી બંદોબસ્ત કરી તેમજ રસ્તા બંધ કરીને સુરક્ષા અને સલામતી સુનિશ્ચિત કરવામાં આવી હતી.

# માંડવી તાલુકાના જામણકુવા ગામે રૂ.૫.૧૮ કરોડના વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરતા આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ

। (માહિતી) સુરત, તા.૧૨ ।

સુરત જિલ્લાના માંડવી તાલુકાના જામણકુવા ગામ ખાતે રાજ્યના આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે રૂ.૫.૧૮ કરોડના વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ વિકાસકામોમાં માંડવી ટ્રાયબલ સબ પ્લાન હેઠળ મંજુર કરાયેલા ન્યુ ગુજરાત પેટર્ન અને ડી-સેગ યોજનાના રૂ.૪.૨૨ કરોડ અને એન.પી.સી.આઈ.એલ. કાકરાપાર સી.એસ.આર. ફંડના રૂ. ૯૫.૮૯ લાખના કામોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે આદિજાતિ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશને વિકસિત ભારત બનાવવા માટે અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. છેવાડાના ગરીબ માનવીઓને પગભર બનાવવાની સાથે તેઓ આર્થિક રીતે સ્વાવલંબન બને તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. મંત્રીશ્રીએ ગામ, તાલુકા, જિલ્લાઓ અને રાજ્યના સહકારથી દેશને વધુ વિકસિત બનાવવા માટે સૌને સંકલ્પબદ્ધ થવા આહ્વાન કર્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે, રાજ્ય સરકારના આદિજાતિ વિભાગ દ્વારા રૂ. ૫ કરોડથી વધુની રકમ ફાળવણી કરી છે, જે હેઠળ જામણકુવા, સુલી, કેવડી અને પીપરીયા જેવા ગામોમાં ખેડુતો માટે પાઈપલાઈન, સામૂહિક મોટર અને સોલાર પેનલ લગાડવાની કામગીરી કરવામાં આવશે. આ રીતે સિંચાઈની સમસ્યાઓ દૂર થવાથી ખેતીમાં સુધારો થશે.




તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી વિંજોલ ગોધરાનો છઠ્ઠો પદવીદાન સમારો હ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ શ્રી દેવ વ્રતજી ની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ હતો. શ્રીમતી સી.આર. ગારડી આર્ટસ કોલેજ મુનપુરની વિદ્યાર્થીની દરજી વિભાક્ષીબેન કૌશિકભાઈ એ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી પારુલબેન, કપિલાબેન સહિત દરજી સમાજનું, ગામનું તેમજ શાળાનું ગૌરવ વધારેલ છે.

# કામરેજની રામકબીર શાળાના 'સાયબર ક્રાઇમ' જાગૃતિ અભિયાનના વિજેતાઓને શિક્ષણ રાજયમંત્રીના હસ્તે સન્માનિત કરાયા

। (માહિતી) સુરત, તા.૧૨ ।

સુરત ગ્રામ્ય જિલ્લા પોલીસ તથા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા "THINK BEFORE YOU CLICK" વિષય અંતર્ગત એક અનોખું જાગૃતિ અભિયાન આયોજિત કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં કામરેજની શ્રી ભારતીય વિદ્યામંડળ સંચાલિત રામકબીર શાળાના શિક્ષક શ્રી દિલીપભાઈ સુરતી અને શાળાની વિદ્યાર્થીનીઓની ટીમે વિવિધ સ્પર્ધાઓમાં વિજય મેળવ્યો છે. શિક્ષક શ્રી દિલીપભાઈ સુરતી એ એકપાત્ર અભિનય સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે જ્યારે શાળાની વિદ્યાર્થીનીઓએ નાટક સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. આ સફળતા માટે શિક્ષણમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસુરીયાના હસ્તે રોકડ પુરસ્કાર અને પ્રશસ્તિ પત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉકા તરસાડીયા યુનિ.ખાતે આયોજીત કાર્યક્રમમાં સુરત પોલીસ અધિક્ષક હિતેષભાઈ જોયસર, ધારાસભ્ય શ્રી ઈશ્વરભાઈ પરમાર, મોહનભાઈ ઢોડિયા, જિલ્લા શિક્ષણાધિકારી ભગીરથસિંહ પરમાર, અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, ધોરણ-૧૨ આર્ટસના વિદ્યાર્થી નકુમ ઈશાન લાખાભાઈએ યુવા ઉત્સવમાં રાજ્ય કક્ષાએ લોકગીત સ્પર્ધામાં રાજકોટમાં પ્રતિનિધિત્વ કર્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો. જે લોકો બેરોજગાર છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારું ઝડપી પગલું તમને પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દૃષ્ટિકોણને વ્યાપક બનાવશે-તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસાની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. કોઈક તમને નુકસાન પહોંચાડવાની કોશિષ કરશે-કેટલીક મજબૂત શક્તિઓ તમારી વિરૂદ્ધ કામ કરી રહી છે-ઘર્ષણ થાય તેવી પ્રવૃત્તિઓ તમારે ટાળવી જોઈએ.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે. તમે પૂરું કરી શકો છો એની પૂરી ખાતરી થયા બાદ જ કોઈ પણ વચન આપજો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારા પ્રિયપાત્રના કઠોર શબ્દોને કારણે તમારો મૂડ કદાચ વ્યગ્ર થઈ શકે છે. કામના સ્થળે વખાણ થાય એવી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. પ્રેમ જીવન ગતિશીલ હશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો તથા પરિવારના સભ્યો સાથે સારો સમય વિતાવશો. આજે તમે પ્રેમના મૂડમા હશો-અને તમને એ માટે અસંખ્ય તકો પણ મળશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ઘરનું ટૅન્શન તમને ગુસ્સે કરશે. તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેરાન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. બહેનના લગ્નના સમાચાર તમને ખુશખુશાલ કરી મુકશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારના સફળ સુશાસનના બે વર્ષ પૂર્ણ




















## ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શુભેચ્છા મુલાકાત કરી

### આ અવસરે રાજ્યના સર્વાંગી વિકાસ હેતુ તેઓશ્રીનું બહુમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત કર્યું

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બુધવારે નવી દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શુભેચ્છા મુલાકાત કરી હતી. તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૨ના દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની સરકારે શાસન સેવા દાયિત્વ સંભાળ્યું હતું. તેમના સફળ સુશાસનના બે વર્ષ ૧૨ ડિસેમ્બર,૨૦૨૪ના પૂર્ણ થયું છે. વિકસિત ભારત@ ૨૦૪૭ના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને વિકસિત ગુજરાતથી સાકાર કરવા ૧૨મી ડિસેમ્બરે તૃતિય વર્ષમાં પદાર્પણ સાથે 'ગ્યાન'– ગરીબ, યુવા, અન્નદાતા, નારીશક્તિના સમૂચિત વિકાસના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. મુખ્યમંત્રીના દ્રષ્ટીવંત નેતૃત્વમાં વર્તમાન સરકારે રાજ્યની વિકાસયાત્રાને જનહિતલક્ષી યોજનાઓથી અનેક સિદ્ધિઓ અને શ્રેષ્ઠ પરિણામો સાથે નવી દિશા આપી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકસિત ભારત@ ૨૦૪૭ માટે ચાર મુખ્ય સ્તંભ ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના સશક્તિકરણ માટે વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને 'ટીમ ગુજરાતે' પણ વડાપ્રધાનના આ વિકસિત ભારત@ ૨૦૪૭ સંકલ્પને વિકસિત ગુજરાતથી પાર પાડવાની નેમ રાખી છે. મુખ્યમંત્રીના નેતૃત્વમાં રાજ્ય સરકારે વડાપ્રધાનની સંકલ્પના અનુસાર રાજ્યના વિકાસમાં દરેક આયોજન અને કાર્યક્રમોમાં 'ગ્યાન' એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને મહિલાશક્તિના એમ્પાવરમેન્ટ અને ઉત્થાન ઉપર ફોકસ કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે બે વર્ષના કાર્યકાળમાં સેવા, સંકલ્પ અને સમર્પણ ભાવ સાથે પ્રજાકીય સુશાસનની જન-જનને અનુભૂતિ કરાવી છે. મુખ્યમંત્રીના નેતૃત્વમાં રાજ્ય સરકાર તારીખ ૧૨મી ડિસેમ્બર, ગુરૂવારે તૃતીય વર્ષમાં પદાર્પણ કર્યું તે અવસરને પણ 'ગ્યાન' આધારિત વિકાસ ઉત્સવ બનાવવાનું બહુ આયામી આયોજન કરવામાં આવ્યું.

## રાજ્યની ભૂપેન્દ્ર પટેલ સરકારને ૨ વર્ષ પૂર્ણ થવા પર ઉજવણી






બે વર્ષની સફળતાના અવસરે યુવાઓને સરકારી નોકરી માટે નિમણૂકના પત્રો એનાયત કરાયા. રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ૫૮૦ યુવાનોને જનસેવામાં જોડાવાની તક મળી.





અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નરોડા વોર્ડમાં તૈયાર કરવામાં આવેલ શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કર્યું. મને ખુશી છે કે વર્તમાન રાજ્ય સરકારના આજે બે વર્ષ પૂર્ણ થયા છે, ત્યારે આજના દિવસનો મારો સૌપ્રથમ કાર્યક્રમ શ્રમિક પરિવારો માટે સુખાકારી લાવનારો બની રહ્યો. આ શ્રમિક સુવિધા કેન્દ્રમાં શ્રમિકો માટે બેસીને જમવા માટેના ઓટલા, વોશરૂમ સહિતની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે. આ સુવિધા કેન્દ્ર કડિયાનાકે રોજગાર અને કોન્ટ્રાક્ટચ્યુલ લેબર વર્ક માટે એકઠા થતા શ્રમિકો માટે ભોજન અને રિફ્રેશમેન્ટ માટેનું સ્થળ બની રહેશે. શ્રમિકો કડિયાનાકે જાહેર માર્ગ પર ઉભા રહેવાને બદલે હવે આ શ્રમિક સુવિધા કેન્દ્રમાં બેસીને ટાઢ-તાપ કે વરસાદથી રક્ષણ મેળવશે અને પાયાની સુવિધાઓ પણ મેળવશે. લેબર કોન્ટ્રાક્ટર્સ પણ અહી આવીને જરૂરિયાત મુજબના શ્રમિકોને શોધી શકે અને મળી શકે.. શ્રમિકોને તેમનું મહેનતાણું આપી શકે તે માટે પણ આ કેન્દ્રનો ઉપયોગ થઈ શકશે. અમદાવાદમાં કુલ ૧૧ સહિત રાજ્યભરમાં વિવિધ સ્થાનોએ આવા શ્રમિક સુવિધા કેન્દ્રો બનાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરકારની યોજનાઓમાં ગરીબ, શ્રમિક અને છેવાડાના વ્યક્તિને કેન્દ્રમાં રાખવાને પ્રાધાન્ય આપ્યું છે. શ્રમિક સુવિધા કેન્દ્ર આ જ ભાવનાનું એક સુંદર દ્રષ્ટાંત બની રહેશે.

# મુખ્યમંત્રીના હસ્તે પ્રાકૃતિક કૃષિ પોર્ટલનું લોન્ચિંગ તેમજ FPOને વિવિધ સહાયના ચેકનું વિતરણ

। ગાંધીનગર, તા.૧૨ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના કૃષિ ક્ષેત્રમાં ખેડૂત અને ખેતીના સંર્વાગી વિકાસથી ક્રાંતિકારી પરિવર્તન લાવવાનું શ્રેય વડાપ્રધાનશ્રીને જાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વર્તમાન રાજ્ય સરકારના સેવા, સુશાસન અને સમર્પણના બે વર્ષ પૂર્ણ કરી ત્રીજા વર્ષમાં પદાર્પણ પ્રસંગે ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન(FPO)ના પ્રતિનિધિઓ સાથે મુખ્યમંત્રીના પ્રત્યક્ષ સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિને રાષ્ટ્ર વિકાસના ચાર મુખ્ય સ્તંભ માન્યા છે. રાજ્ય સરકારે આ ચાર સ્તંભના સશક્તિકરણથી પણ વિકસિત ગુજરાત માટેની નેમ રાખી છે તેમાંના એક સ્તંભ એવા અન્નદાતાઓ સાથે ચર્ચા-સંવાદ કાર્યક્રમ પોતાના નિવાસસ્થાને મુખ્યમંત્રીશ્રીએ યોજ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા




પાયાના પ્રયાસોથી કૃષિ અને સિંચાઈ વ્યવસ્થા સુદ્રઢ બની છે. તેમણે નર્મદાના નીર ગુજરાતના ખૂણે ખૂણે પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. તેના પરિણામે રાજ્યના ખેડૂતને ખેતી માટે પૂરતો પાણી પુરવઠો ઉપલબ્ધ થયો છે. એટલું જ નહિ, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈએ ગામે ગામ વીજ વિતરણથી ખેતીને નવજીવન બક્ષી સમૃદ્ધ બનાવી છે. વડાપ્રધાન બન્યા પછી તેઓ દેશભરના ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્ય સાથે પ્રયાસરત છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર ખેડૂતો પ્રત્યે સંવેદનશીલ રહીને હકારાત્મક અભિગમથી ખેડૂતની સામૂહિક સમસ્યાઓના સમાધાન-નિવારણ માટે ત્વરિત પગલા લીધા છે. ખેતીમાં નવીનીકરણ અને સુધારા માટે રાજ્ય સરકાર સતત પ્રયાસો કરી રહી છે. એટલું જ નહિ, ખેડૂતોની બેસ્ટ પ્રેક્ટીસીસના રાજ્યવ્યાપી અમલ માટે રાજ્ય સરકારે હંમેશા પ્રોત્સાહન આપ્યું છે. દિન-પ્રતિદિન કુદરતી આફત, સાધન સબસિડી સહિતના વિવિધ તબક્કે સહાય આપી છે અને જરૂર મુજબ સહાયનું ધોરણ પણ વધાર્યું છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ તકે ખેડૂતો સાથેના સંવાદ દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ FPOના માધ્યમથી ખેડૂતોને સામૂહિક ખેતી કરવા માટે ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. મુખ્યંમંત્રીશ્રીએ એફ.પી.ઓ.ની સફળતાનું ઉદાહરણ આપતા કહ્યું હતું, કે, આજે રાજ્યમાં સંપૂર્ણ મહિલાઓ સંચાલિત એફ.પી.ઓ. નારીશક્તિને પગભર કરવાની ઉમદા કામગીરીથી દેશના ખૂણે ખૂણે પહોંચી છે, એક્સપોર્ટ કરતી થઈ છે. મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતોની રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતા પ્રાકૃતિક કૃષિના સર્ટિફિકેશન, કૃષિ ઉપજના વેલ્યૂ એડિશન એટલે કે મૂલ્યવર્ધન માટે જિલ્લા કક્ષાએ કોમન ફેસિલિટીશેન વિકસાવવામાં આવે તે અંગે વિચારણા કરવા રાજ્યના ઉચ્ચ કૃષિ અધિકારીઓને સૂચન કર્યું હતું.

કૃષિ રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડે સ્વાગત ઉદબોધનમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારની ખેડૂતલક્ષી નીતિઓથી ખેડૂતો મબલખ ઉત્પાદન કરતા થયા છે. સમગ્ર દેશમાં ગુજરાત કૃષિ ક્ષેત્રે મોખરે છે અને રાજ્યમાં નવા સંશોધનો, મૂલ્યવૃદ્ધિથી ઉત્પાદકતા વધી છે અને ખેડૂતોની આવક પણ વધી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં નાબાર્ડ, નાફેડ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીના સહયોગથી રાજ્યમાં લગભગ ૪૨૨ જેટલા FPO છે, તેમાંથી ૯૭ જેટલા તો પ્રાકૃતિક કૃષિને સમર્પિત છે.

## ન્યૂઝ બ્રિફ

### વિદ્યાર્થીનું મૃત્યુ સીનીયર્સ દ્વારા રેગિંગના કારણે થયું

। (એજન્સી) પાટણ, તા.૧૨ ।

ગુજરાતના પાટણના ધારપુરમાં જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ગયા મહિને ૧૮ વર્ષીય સ્મ્જી વિદ્યાર્થીનું મૃત્યુ થયું. વિદ્યાર્થીના મૃત્યુને લઈને મેડિકલ કોલેજમાં અનેક અટકળોનો દોર શરૂ થયો હતો. મેડિકલ કોલેજના વિદ્યાર્થીના મૃત્યુના કારણોને લઈને પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. ગુજરાત પોલીસની તપાસમાં બહાર આવ્યું છે કે વિદ્યાર્થીનું મૃત્યુ સીનીયર્સ દ્વારા રેગિંગના કારણે થયું. તેમજ એ માહિતી પણ સામે આવી કે વિદ્યાર્થીના મૃત્યુમાં કોલેજના સત્તાવાળાઓની શંકાસ્પદ ભૂમકિા છે. કૉલેજમાં હિંસા થઈ રહી હોવાનું જાણવા છતાં કોલેજ સત્તાધીશો તેમાં કોઈ દખલ ના કરી. મળતી વિગતો અનુસાર, રેગિંગનો ભોગ બનેલા ૧૧ અન્ય પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓના નિવેદનોને ટાંકીને તપાસમાં કહેવામાં આવ્યું છે કે સિનિયર્સ નવા વિદ્યાર્થીઓનું રેગિંગ કરતા રહ્યા અને કૉલેજ પ્રશાસન મૂક પ્રેક્ષક બનીને રહ્યું. જોકે, મેડિકલ કોલેજના ડીન ઈન્ચાર્જ ડૉ. હાર્દિક શાહે દાવો કર્યો છે કે તેઓ રેગિંગ વિશે જાણતા ન હતા.

### ૧૩ થી ૨૨ ડિસેમ્બર સુધી વિરમગામ યાર્ડ સ્થિત રેલ્વે ક્રોસિંગ નં. 41 B (મીલ ફાટક) બંધ રહેશે

। અમદાવાદ, તા.૧૨ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર વિરમગામ યાર્ડ સ્થિત રેલ્વે ક્રોસિંગ નંબર **41 B** (મીલ ફાટક) કિમી ૫૯૦/૪-૫ સમારકામ અને જાળવણીના કામ માટે ૧૩ ડિસેમ્બર ૨૦૨૪ થી ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ સુધી બંધ રહેશે. રોડ યુઝર્સ આ સમયગાળા દરમિયાન નિલકી ફલાયઓવર પરથી મુસાફરી કરી શકે છે.

## દેવભૂમિ દ્વારકા જામખંભાળીયાની ઘટના

# વિધર્મીઓ દ્વારા ધાર્મિક સ્થળ પાસે ની સરકારી જમીન હડપ કરવાનું કાવતરૂ

### ફરિયાદને આધારે પોલીસે ત્રણ વિધર્મીઓને ગણતરીના કલાકોમાં જામ ખંભાળીયા પોલીસે ઝડપી લીધા

। (એજન્સી) દેવભૂમિ દ્વારકા,તા.૧૨ ।

દેવભૂમિ દ્વારકા જામખંભાળીયામાં વિધર્મીઓએ દ્વારા ધાર્મિક સ્થળ પાસે ની સરકારી જમીન હડપ કરવા કાવતરૂં રચ્યું હોવાનું બહાર આવ્યું છે. જેમાં વિધર્મીઓ દ્વારા ધાર્મિક સ્થળ પાસેની ખુલ્લી પડેલી સરકારી જમીન પચાવી પાડવાનો પર્દાફાશ થયો છે.

જેમાં પુજારી પરિવાર દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. ફરિયાદને આધારે પોલીસે ત્રણ વિધર્મીઓને ગણતરીના કલાકોમાં જામ ખંભાળીયા પોલીસે ઝડપી લીધા હતા. તપાસમાં દ્વારકા ગેઈટ નજીક આવેલ સંતોષી માતાજી ના મંદિરના મુખ્ય ગેઈટ સામેની વષોથી ખુલ્લી પડેલી જમીન પચાવી પાડવા વિધર્મીઓ દ્વારા કાવતરૂ ઘડવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે.

પચાસેક વર્ષ પુરાણીક સંતોષી માતાજીના મંદિરમાં શ્રધ્ધાળુઓ દર્શન કરવા ના આવી શકે તે માટે વિધર્મીઓએ કાવતરૂ ઘડ્યું હોવાનું બહાર આવ્યું છે.જેમાં વિધર્મીઓએ રાજાશાહી વખતના જમીનના ખોટા દસ્તાવેજો બનાવી સરકારી જમીન હડપ કરવા નકલી દસ્તાવેજો ઉભા કર્યા હતા. તે સિવાય તેમણે સીટી સર્વેના સંબંધિત અધિકારી અથવા કર્મચારી સાથે સેંટીગ કરી નકલી કિંમતી દસ્તાવેજો તૈયાર કર્યા હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે.

જમીન હડપવાના આ પ્રકરણમાં પાંચ આરોપીઓમાંથીએક મહિલા અને એક પુરૂષનો સમાવેશ થાય છે. જ્યારે બે આરોપીઓ અગાઉ મૃત્યુ પામ્યા હતા. પોલીસે હવેજમીન કૌભાંડમાં સિટી સર્વે કચેરીના તેમજ અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# પાકિસ્તાનથી ગુજરાતમાં આવીને વસેલા ૫૬ હિન્દુઓને ભારતીય નાગરિકત્વ અપાયું

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

રાજય મંત્રી હર્ષ સંઘવીએ પાકિસ્તાનના લઘુમતી ૫૬ નાગરિકોને ભારતીય નાગરિકતા આપી હતી. આ માટે અમદાવાદમાં યોજાયેલા એક કાર્યક્રમમાં પાકિસ્તાની લઘુમતીઓને સંબોધિત કરતા ગૃહ રાજય મંત્રીએ એવું કહ્યું હતું કે, 'મુસ્કરાઈએ અબ આપ સબ ભારત દેશ કે નાગરિક હૈ.' ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં વર્ષ ૨૦૧૭થી ૨૦૨૪ દરમિયાન કુલ ૧૨૨૩ લોકોને નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાયાં છે. હર્ષ સંઘવીએ વધુમાં કહ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારે પાકિસ્તાનથી આવીને વસેલા હિન્દુ પરિવારોને નવી ઓળખ આપવાનું કામ હાથ ધર્યુ છે. હવે તમે ગર્વથી ભારતને તમારી કર્મભૂમિ બનાવી શકો છો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનું દાયિત્વ સંભાળ્યા પછી નાગરિકતા નિયમોમાં બદલાવ લાવીને પાકિસ્તાનથી ભારત આવીને વસેલા નાગરિકોને તેમની ઓળખ સમાન નાગરિકતા પ્રમાણ પત્ર મળે તે માટે એક દિશાસૂચક કામગીરી કરી છે. આ પ્રસંગે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર નાગરિકોએ તેમના પ્રતિક્રિયાઓ આપી હતી. લઘુમતીઓને નાગરિકતા આપતો કાયદો લાવવા બદલ તેઓએ વડાપ્રધાન મોદીનો આભાર માન્યો હતો. સંઘવીએ વધુમાં એમ પણ કહ્યું કે, પાકિસ્તાનમાંથી આવેલા ઘણા લઘુમતી પરિવારો સમાજમાં વિવિધ ક્ષેત્રે વિકાસ કરી રહ્યા છે અને સમાજના ઉત્થાનમાં મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે.

## દંપતી વચ્ચે મજૂરીકામ બાબતે માથાકૂટ થતાં પગલું ભરી લીધું

# રાજકોટના જામ કંડોરણામાં શ્રમિક પરિવારનો સામુહિક આપઘાત

। (એજન્સી) રાજકોટ, તા.૧૨ ।

રાજકોટના જામ કંડોરણા તાલુકાના સનાળા ગામે રહેતા મુળ દાહોદ પંથકના ખેતમજુર પરિવારની પરણીતાએ પોતાના બે સંતાનોની ઝેરી દવા પીવડાવી હત્યા કર્યા બાદ પોતે આપઘાત કરી લેતા સનસનાટી મચી ગઈ છે. પતિ સાથે કામ બાબતે થયેલ ઝઘડાને કારણે પરણીતાએ આ પગલું ભરી લીધું હતું.

પોતાની છ વર્ષની પુત્રી અને પાંચ વર્ષના પુત્રને ઝેરી દવા પીવડાવી પોતે પણ ઝેરી દવા પી લીધી હતી. એક જ પરિવારના ત્રણ સભ્યોના મોતથી પરિવારનો માળો વિખાઈ ગયો હતો અને ભારે શોક વ્યાપી ગયો છે. મળતી માહિતી મુજબ, મુળ દાહોદના અને હાલ જામકંડોરણા તાલુકાના સનાળા ગામે રહેતા ઈશ્વરભાઈની પત્નિ સિનાબેન (ઉ.વ.૩૬) એ પોતાની છ વર્ષની પુત્રી કાજલ અને પાંચ વર્ષના પુત્ર આયુષને ઝેરી દવા પીવડાવી પોતે પણ ઝેરી દવા પી લીધી હતી. ખેતમજુરી કરવા ગયેલ પતિ ઈશ્વરભાઈ જ્યારે પરત આવ્યા ત્યારે પત્નીએ રૂમનો દરવાજો ન ખોલતા આજુબાજુના મજુરોને બોલાવી દરવાજો તોડવામાં આવ્યો હતો. દરવાજો તોડતા અંદરથી સીનાબેન ઈશ્વરભાઈ (ઉંમર વર્ષ ૩૬), દીકરી કાજલબેન ઈશ્વરભાઈ (ઉંમર વર્ષ છ), દીકરો આયુષ ઈશ્વરભાઈ (ઉંમર વર્ષ પાંચ) ત્રણેયની ડેડબોડી મળી આવી હતી. આ બનાવની જાણ થતાં જામ કંડોરણા પોલીસમથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં આ બનાવ પાછળ ઘર કંકાસ કારણભૂત હોવાનું જાણવા મળ્યું છે. ઈશ્વરભાઈ અને પત્ની સિનાબેન વચ્ચે ખેતમજુરીનું કામ રાખવા બાબતે માથાકુટ થઈ હતી. જેને કારણે સિનાબેનને લાગી આવતા તેણે આ પગલું ભરી લીધું હતું. જામકંડોરણા તાલુકાના સનાળા ગામે વાડી વિસ્તારમાં રહેતા મજુરી કામ કરતા મૂળ દાહોદ તાલુકાના ધાનપુર મૂળ કાટુ ગામના રહેવાસી મજૂરી કામ અર્થે સનાળા ગામે પરિવાર સાથે રહેતા હતા.

# અમદાવાદ મંડળ પર મંડળ ઉપભોક્તા સલાહકાર સમિતિની પ્રથમ બેઠકનું આયોજન

। અમદાવાદ, તા.૧૨ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર તારીખ ૧૨.૧૨.૨૦૨૪ ના રોજ નવરચિત મંડળ રેલવે ઉપભોક્તા સલાહકાર સમિતિ **(DRUCC)**ની પ્રથમ બેઠકનું આયોજન મંડળ રેલવે મેનેજર કચેરી, અમદાવાદમાં કરવામાં આવ્યું. બેઠકની શરૂઆતમાં સમિતિના સેક્રેટરી અને સિનિયર ડિવિજનલ કોમર્શિયલ મેનેજર શ્રી અનુ ત્યાગીએ બેઠકમાં ઉપસ્થિત તમામ સભ્યોનું સ્વાગત કર્યું.

સમિતિના અધ્યક્ષ અને મંડળ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ અમદાવાદ મંડળ પર ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓ અને વિકાસ કામોથી સમિતિના સભ્યોને માહિતગાર કર્યા. તેમણે માનનીય સભ્યોને આશ્વાસ્ત કર્યા કે યાત્રી સુવિધાઓનો વિકાસ અમદાવાદ મંડળની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આના માટે દરેક શક્ય પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે તથા આવનારા સમયમાં વધુ આધુનિક સેવાઓ મંડળ પર જોવા મળશે.




તેમની યોગ્ય માંગણીઓ પર મંડળ દ્વારા વહેલાં સમાધાન કરવામાં આવશે.

સમિતિના સેક્રેટરી અને સિનિયર મંડળ કોમર્શિયલ મેનેજર શ્રી અનુ ત્યાગી દ્વારા પ્રેઝેન્ટેશન મારફતે અમદાવાદ મંડળની સિદ્ધિઓ વિશે માહિતી આપવામાં આવી. તેમણે જણાવ્યું કે અમદાવાદ, સાબરમતી, ગાંધીધામ અને ભુજ સ્ટેશનોનું મેજર રિડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે સાથે જ ૧૬ રેલવે સ્ટેશનોનું અમૃત સ્ટેશન યોજના હેઠળ રિડેવલપમેન્ટ કામ પ્રગતિમાં છે. આ કામોના પૂર્ણ થવા પર અમારા સન્માનિત યાત્રીઓને વધુ થી વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં સમર્થ થઈશું. શ્રી ત્યાગીએ જણાવ્યું કે આ દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામ જેમ કે ડબલિંગ, ગેજ રૂપાંતરણ, ઈલેક્ટ્રિફિકેશન અને સ્ટેશનોના પુનઃવિકાસ કામમાં ઝડપ આવી છે.

આ બેઠકમાં ઉપસ્થિત સભ્યો સાથે પોત-પોતાના ક્ષેત્રોથી સંબંધિત યાત્રી સુવિધાઓને વધારવા, રેલવે સંબંધિત સમસ્યાઓનું તાત્કાલિક નિવારણ કરવા અને તેમની યોગ્ય માંગણીઓ પર સકારાત્મક ચર્ચા કરી.

આ આયોજિત બેઠકમાં સર્વશ્રી હિંગોરભાઈ રબારી, જામાભાઈ દેસાઈ, ભગવાનભાઈ પટેલ, ભગવાનદાસ પટેલ, રાજેશકુમાર પંચાલ, સંજય કુમાર બ્રહ્મભટ્ટ, જિતેન્દ્ર કુમાર લેઉવા, દીપક કુમાર ચૌધરી, સંજય ભાઈ પટેલ, દિલીપભાઈ પંડ્યા, કિશોર ઠાકુર, ક્ષિતીશ મદનમોહન શાહ અને રમેશ ભાઈ સંગાણી ઉપસ્થિત રહ્યા તથા આ અવસર પર મંડળના તમામ સિનિયર અધિકારી પણ ઉપસ્થિત રહ્યા.

### પાસપોર્ટ-વિઝા મેળવવાના કૌભાંડનો પર્દાફાશ, ૯ની ધરપકડ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાતમાં બનાવટી દસ્તાવેજ, નકલી અધિકારીઓ ઝડપવાનો સિલસિલો યથાવત છે. ત્યારે સરકારી રેકોર્ડ સાથે ચેડાં કરી પાસપોર્ટ-વિઝા મેળવવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. દ્વારકા જિલ્લા પોલીસ અને **SOG**એ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રેકોર્ડ સાથે ચેડાં કરી યુકેના પોર્ટુગીઝ વિઝા મેળવવાનું કૌભાંડ સામે આવ્યુ છે. દ્વારકા, પોરબંદર, વલસાડ અને સુરતના ૯ લોકોની ધરપકડ કરી પુછપરછ હાથ ધરવામાં આવી છે. ભાણવડ, પોરબંદર, દમણ સહિતના વિસ્તારમાંથી આરોપીઓ ઝડપાયા છે. આરોપીઓ યુકે જવા ઈચ્છતા લોકોને બનાવટી દસ્તાવેજ બનાવી આપતા હતા.

# ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન અંગે જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ-ગ્રામ્યની અનોખી પહેલ





। અમદાવાદ, તા.૧૨ ।

કારકિર્દી માર્ગદર્શન એ શાળાકીય અધ્યાપનકાર્ય સંલગ્ન પૂરક પ્રવૃત્તિ છે, વિદ્યાર્થીઓને તેમના ભવિષ્ય અંગે સચોટ નિર્ણયો લેવા માટે મદદ કરી શકે છે. ત્યારે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા ધો.૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે એક વિશેષ પહેલ કરાઈ છે. વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન મળે તે હેતુથી **"JeevJoy: Career and Skill Education"** સંસ્થાના સહયોગથી ચાલુ વર્ષ માટે ત્નીદૃર્નઅ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલ એપ્લિકેશનની મદદથી કારકિર્દી માર્ગદર્શન આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પ્રથમ તબક્કામાં આગામી ૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં વિદ્યાર્થીઓ ઘેરબેઠા પોતાની અનુકુળતાએ ઓનલાઈન કરિયર ટેસ્ટ આપી શકશે.

વિદ્યાર્થીઓને આ પ્રોજેક્ટનો વિશેષ લાભ મળે એ હેતુથી આ કચેરી હસ્તકની શાળાઓના ૪૮૦ જેટલા આચાર્યો સાથે ઓનલાઈન વેબિનારથી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

**JeevJoy** સંસ્થાના શ્રી સંદીપ ગોલાકીયા દ્વારા સમગ્ર ટેકનિકલ સમજુતી આપવામાં આવી. કુલ ૪૮૦ શાળાઓના ૮૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો હતો.




અમદાવાદ પોલીસ મહિલા પશ્ચિમ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા અલગ-અલગ સકૂલની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને ગુડ ટચ બેડ ટચ અંગેની સમજ આપી સોશિયલ મીડિયાના ઉપયોગ બાબતે જાગૃત કરી વુમન સેફટી અંતર્ગત અવેરનેસ વિડીઓ બતાવામા આવેલ.

## અમદાવાદમાં 'ગ્રંથાલયોમાં ડિજિટલ વિસ્તરણની ભૂમિકા' વિષય પર સેમિનાર યોજાયો

# રાજ્યના વિવિધ જિલ્લાના ગ્રંથપાલોએ સાથે મળીને ડિજિટલ યુગમાં જાહેર ગ્રંથાલય સેવાઓની વિકસતી ભૂમિકા વિશે ચર્ચા કરી

। અમદાવાદ, તા.૧૨ ।

'ગ્રંથાલયોમાં ડિજિટલ વિસ્તરણની ભૂમિકા' વિષય પર સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદ ખાતે રાજ્યના વિવિધ જિલ્લાના ગ્રંથપાલો માટેનો સેમિનાર યોજાયો હતો.

ગ્રંથાલય નિયામક, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર અને સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ સેમિનારના મુખ્ય મહેમાન, ગ્રંથાલય નિયામક ડૉ. શ્રી પંકજ ગોસ્વામીએ પ્રાસંગિક ઉદ્દબોધન આપતા કહ્યું હતું કે, કોલેજ અને જાહેર ગ્રંથાલયોનો વિકાસ કરવો જોઈએ અને તે માટે બધી સંસ્થાઓએ સાથે મળીને પ્રયત્નો કરવા જોઈએ. ગુજરાત સરકાર ગ્રંથાલયોના વિકાસ માટે પ્રયત્નશીલ છે.

ભૂતકાળમાં સરકારનું ગ્રંથાલયો માટેનું બજેટ રૂ. ૨૪ કરોડનું રહેતું, જે વર્તમાનમાં વધીને રૂ.૧૬૦ કરોડનું થઈ ગયું છે. ગ્રંથાલયો માટે સેમિનાર, પ્રોજેક્ટ અને રિસર્ચ માટે સરકાર દ્વારા ફાળવેલા બજેટનો ઉપયોગ કરવામાં આવશે.



વધુમાં ગ્રંથાલય નિયામક ડૉ. શ્રી પંકજ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, મોબાઈલ અને ડિજિટલ યુગમાં ગ્રંથાલયનું મહત્ત્વ ભુલાતું જાય છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા ૬૪ તાલુકાઓમાં નવા ગ્રંથાલય શરૂ કરવાની મંજૂરી મળી છે. ગુજરાતના વિવિધ ગ્રંથાલયમાં ડિજિટાઈઝેશનની પ્રક્રિયા ચાલુ છે. રાજ્યના તમામ તાલુકા મથકોમાં હાલમાં ૮૫ ગ્રંથાલયો છે અને ૬૪ બીજા ગ્રંથાલાયો બનાવવાની મંજૂરી પણ મળી છે. ગ્રંથાલયોમાં ઘણા દુર્લભ પુસ્તકો પણ હોય છે. સરકારી અને ખાનગી સંસ્થાઓ સાથે મળીને આ દુર્લભ પુસ્તકોને સાચવવાની નવી રીતો શોધે તે પણ જરૂરી છે. આગામી યુગમાં સરકારી ગ્રંથાલયો ઈન્ટરનેટ, ઈ-બુક્સ, ઈ-કોર્નર, ડિજિટલ લાયબ્રેરી, મોબાઈલ લાઈબ્રેરી જેવી સુવિધાઓ લોકોને પૂરી પાડવા માટે પ્રયત્નશીલ છે.

## દેશમાં ૧૩૦૦ સ્ટેશનની કાયાપલટ કરાઈ રહી છે

# અમદાવાદ શહેરનું નવું કાલુપુર રેલવે સ્ટેશન દેશમાં ક્યાંય નહીં એવું બનશે

। અમદાવાદ, તા.૧૨ ।

**PM** મોદીના ૨૦૪૭ના વિઝનને ધ્યાને રાખી દેશમાં અર્થયંત્રને વેગ આપતી રેલવેનો વિકાસ કરાઈ રહ્યો છે. જ્યાં દેશમાં ૧૩૦૦ સ્ટેશનની કાયાપલટ કરાઈ રહી છે. જેમાં અમદાવાદમાં ૩ મેજર અને ૧૬ નાના રેલવે સ્ટેશન અપગ્રેડેશન કરાઈ રહ્યા છે. જે ૩ મેજર સ્ટેશનમાં એક ભુજ, સાબરમતી અને કાલુપુર રેલવે સ્ટેશન જે રાજ્યનું સૌથી મોટું સ્ટેશન છે. તેનું ૨૩૦૦ કરોડ ઉપર ખર્ચે ડેવલપમેન્ટ કરાઈ રહ્યું છે. કાલુપુર રેલ્વે સ્ટેશન તરીકે પ્રખ્યાત અમદાવાદ રેલ્વે સ્ટેશનના પુનઃવિકાસની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય સ્ટેશનને વિશ્વ-કક્ષાના મલ્ટિ-મોડલ ટ્રાન્ઝિટ હબમાં પરિવર્તિત કરવાનો છે. અમદાવાદનું કાલુપુર રેલવે સ્ટેશન એરપોર્ટ ને પણ ટક્કર મારે અને મુસાફરોને અગણિત સુવિધા મળે તે રીતે ડેવલપ કરાઈ રહ્યું છે. જ્યાં આલ્ફા વન મોલ કરતા પણ મોટું પાર્કિંગ બનશે તેમજ રેલવે- મેટ્રો અને બુલેટ રેન સહિત તમામ ટ્રાન્સપોર્ટેશન સુવિધા પણ એકબીજા સાથે કનેક્ટ હશે. અમદાવાદ કાલુપુર અને સાબરમતી રેલ્વે સ્ટેશનના રિડેવલોપમેન્ટની કામગીરીની રેલવે ડીઆરએમએ મુલાકાત લીધી હતી. અને જણાવ્યું હતું કે કાલપુર રેલવે સ્ટેશનમાં વિવિધ સુવિધા સાથે વિશ્વસ્તરીય બનાવવા માટે યાત્રિકોને વિવિધ સુવિધાઓ સાથે અમદાવાદ રેલવે સ્ટેશન પર યાત્રિકોને સામાન્ય ટ્રેન, મેટ્રો રેલ અને બૂલેટ ટ્રેનની સુવિધા એક સાથે મળશે. આગામી ત્રણ વર્ષમાં તમામ રેલવે સ્ટેશનનું કામ પૂર્ણ કરવામાં આવશે. જેમાં ખાસ કરીને અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશનને એક વિશ્વસ્તરીય પરિવહન કેન્દ્ર બનાવવા માટે મુખ્ય બિલ્ડીંગ, પાર્સલ વિભાગ, રસ્તા સહિતની સુવિધા માટે આશરે ૨૩૮૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. હાલ બુલેટ ટ્રેનના કામને લઈ ત્રણ પ્લેટફોર્મ બંધ કરવામાં આવ્યાં છે ત્યારે સ્ટેશનનું નવીનિકરણનું કામ પૂર્ણ થતાં ૧૨ સ્ટેશન ફરી કાર્યરત કરવામાં આવશે. દરેક પ્લેટ ફોર્મ પર ૪ લિફટ અને ૪ એક્સેલેટર મુકવામાં આવશે. કાલુપુર વિસ્તાર ખુબ ગીચતા વાળો વિસ્તાર હોવાથી કાલુપુર બ્રિજથી સારંગપુર બ્રિજ સુધી ૬ લેન એલિવેશન બ્રિજ બનાવવામાં આવશે. જેના માધ્યમથી યાત્રિકો બ્રિજ ઉપરથી સીધા રેલવે સ્ટેશન પરથી અવર- જવર કરી શકશે. અમદાવાદનું રેલવે મથક ભારતનું પ્રથમ એવું સ્ટેશન બનશે, જ્યાંથી મુસાફરોને સામાન્ય ટ્રેન, મેટ્રો રેલ અને બૂલેટ ટ્રેનની સુવિધા એક જ સ્થળેથી ઉપલબ્ધ થશે.